



મે ૧૯૮૦ * આત્મધર્મ * [૪૩૯] વર્ષ ૩૬ અંક ૧૧



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

(૧) જિનેશ્વરના આગમમાં જેની બુદ્ધિ અનુરક્ત છે તથા સંસારથી જન્મ જરા મરણ આદિ મહા ભય ઉત્પન્ન થાય છે એવું જેઓ મનમાં ચિંતન કરે છે તેથી જેમને ભય ઉત્પન્ન થયો છે એવા મુનિઓને ગર્ભવાસથી અત્યંત ભય લાગે છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-અણગાર ભાવના અધિકાર, ગાથા-૪૦)

(૨) જેના રાગે જીવ અનાદિકાળથી સંસારી બની અનંત દુઃખને અનુભવી રહ્યો છે તથા જેના આત્યંતિક ક્ષયથી અનંત સંસાર દુઃખોથી મુક્ત થવાય છે એવો કોઈ મુખ્ય પદાર્થ હોય તો માત્ર શરીર જ છે, તો હવે એ શરીરને એક વખત એવું છોડવું જોઈએ કે જેથી ફરીને ઉત્પન્ન જ થાય નહિ. બાકી બીજી નાની નાની નહિ જેવી ક્ષુદ્ર વાતો તરફ એકાંત ધ્યાન આપવાથી શું સિદ્ધિ છે? (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૦૮)


(૩) ચૈતન્યસ્વરૂપ આત્માના ચિંતનમાં મુમુક્ષુજનોના રસ નીરસ થઈ જાય છે, ભેગા મળીને ચાલતી કથાઓનું કુતૂહલ નષ્ટ થઈ જાય છે, ઇંદ્રિય-વિષય વિલીન થઈ જાય છે, શરીરની બાબતમાં પણ પ્રેમનો અંત આવી જાય છે, એકાંતમાં મૌન પ્રતિભાસિત થાય છે તથા તેવી દશામાં દોષોની સાથે મન પણ મરવાની ઇચ્છા કરે છે.

(પદ્મનંદિ-પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ અધિકાર, ગાથા-૧૯)

પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૪-૫-૮૦ ના રોજ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને રાજકોટ પધારશે, ત્યાં રોજ સવારે પ્રવચન તથા રાત્રીચર્ચા થશે.

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૧૧
[૪૩૯]

વીર
સંવત
૨૫૦૬
A.D. 1980
MAY.




## અનંતા તીર્થંકરોએ કહેલી વાત....

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના—એવી યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદબ્રહ્માંડને શૂન્ય થવું પડે, અગર તો આ દ્રવ્યનો નાશ થઈ જાય. પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે—એવો જ વસ્તુનો સ્વભાવ છે. આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. ૨૧.

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧-૨-૮૦

ચૈતન્યને ચૈતન્યમાંથી પરિણમેલી એટલે કે ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી ભગવાન એના ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના એટલે અભેદ મોક્ષમાર્ગ એટલે કે રાગ-દ્વેષમાંથી નહિ ઊગેલી ભાવના — એવી યથાર્થ ભાવના હોય તો તે ફળ્યે જ છૂટકો. એ જો ન ફળે તો ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે. શુદ્ધ ચૈતન્યની ભાવના-પરિણતિ તેનું ફળ

પૂરણ સ્વરૂપ જો ન આવે, દ્રવ્ય પૂરણરૂપે ન પરિણમે તો દ્રવ્ય શૂન્ય થઈ જાય. એક દ્રવ્ય શૂન્ય થતાં, દરેક દ્રવ્યની પરિણતિનું ફળ શૂન્ય થતાં જગત શૂન્ય થઈ જાય.

રાગ-દ્વેષ રહિત ચૈતન્યની ભાવના ફળ્યે જ છૂટકો, એ ભાવના થઈને સિદ્ધપણું થયે જ છૂટકો, ન થાય-જો ન ફળે તો જગતને શૂન્ય થવું પડે. દ્રવ્યનું પરિણમન છે એ પરિણામ આવ્યે જ છૂટકો, આવે એટલે જ ચૈતન્યદ્રવ્ય ટકી રહે—એમ જે પરિણામ રાગ-દ્વેષવાળા છે એનું પરિણામ એ ચાર ગતિ ન આવે તો એટલે કે પાપ પરિણામ ને તેનું ફળ નરક ગતિ, માયાચાર પરિણામ ને તેનું ફળ તિર્યંચ ગતિ, સરળ પરિણામ ને તેનું ફળ મનુષ્ય ગતિ, શુભ પરિણામ ને તેનું ફળ સ્વર્ગ ગતિ, રાગ-દ્વેષ રહિત શુદ્ધ પરિણામ ને તેનું ફળ સિદ્ધ ગતિ—એ રીતે રાગદ્વેષ સહિત ને રહિત પરિણામોનું ફળ તે તે ગતિ ન આવે તો એ ગતિ શૂન્ય થઈ જાય. એ રીતે પાંચે ગતિ શૂન્ય થઈ જાય. પાંચે ગતિ શૂન્ય થતાં જગત શૂન્ય થઈ જાય, જગત શૂન્ય થતાં દ્રવ્ય શૂન્ય થઈ જાય.

રાગદ્વેષ વિનાની ચૈતન્યની ભાવનાનું ફળ સિદ્ધપદ, એ ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો એ પરિણામનું ફળ જે સિદ્ધગતિ તે ગતિ જ ન રહે. મોક્ષ ગતિ ન રહે તો દ્રવ્યની પર્યાય ન રહે, તો દ્રવ્ય ન રહે, દ્રવ્ય ન રહેતાં જગતને શૂન્ય થઈ જવું પડે. જે જે પરિણામ છે તેનું ફળ પર્યાયમાં ન આવે તો તે દ્રવ્ય જ રહે નહિ. દ્રવ્ય ન રહે એટલે જગત શૂન્ય થઈ જાય. અનંતા દ્રવ્યનું પરિણમન છે એ પરિણમનનું પરિણામ—ફળ છે તે ન આવે તો પાંચે ગતિનો નાશ થઈ જાય.

પર્યાયનું ફળ ન આવે તો દ્રવ્ય જ ન રહે. ચૈતન્યના પરિણામનું ફળ મુક્તિ ન આવે, પૂરણ ગતિ ન થાય તો દ્રવ્યનો નાશ થઈ જાય. ચૈતન્યના પરિણામનું ફળ પંચમ ગતિ છે, એ પંચમ ગતિ ન આવે તો પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય. પર્યાય વિનાનું દ્રવ્ય થતાં દ્રવ્યનો નાશ થઈ જાય. એક દ્રવ્યનો નાશ થતાં સર્વ દ્રવ્યનો નાશ થઈ જાય, સર્વ દ્રવ્યનો નાશ થતાં ચૌદ બ્રહ્માંડનો નાશ થઈ જાય.

ચૈતન્યના પરિણામનું ફળ પૂરણ સ્વરૂપ ન થાય તો એ ગતિ જ ન રહે, ગતિ ન રહે એટલે એ દ્રવ્ય જ નાશ થઈ જાય. ચૈતન્યના પરિણામનું ફળ—પૂરણ સ્વરૂપ ન થાય તો એ દ્રવ્ય જ ન રહે. એક દ્રવ્ય ન રહે તો બીજા દ્રવ્યો પણ તેના પરિણામના ફળરૂપ ગતિ ન થતાં એ દ્રવ્યો પણ નાશ થઈ જાય. દ્રવ્યો નાશ થતાં જગતની શૂન્યતા થઈ જાય.

સાધન થયું ને સાધ્ય ન થાય તો સાધન કરનાર દ્રવ્યનો પણ નાશ થઈ જાય.

પરંતુ એમ બને જ નહિ. ચૈતન્યના પરિણામની સાથે એટલે કે સાધકના પરિણામની સાથે કુદરત બંધાયેલી છે. ચૈતન્યના પરિણામ થયા છે તેને મુક્તિ થાય, મુક્તિ થાય જ. એમાં કુદરત બંધાયેલી છે, એ દ્રવ્યનો સ્વભાવ જ એવો છે. ચૈતન્યના જે પરિણામ નિર્મળ છે તેનું પરિણામ પૂરણ નિર્મળપણું ન આવે એમ બને જ નહિ. નિર્મળ પરિણામ થાય તેનું પરિણામ—ફળ સિદ્ધપદ થાય જ, એની સાથે કુદરત બંધાયેલી છે. કુદરત એટલે કે એ દ્રવ્યના રાગ-દ્વેષ વિનાના પરિણામ થયા તેના ફળરૂપે પૂરણતા થાય જ એવો દ્રવ્યનો સ્વભાવ.

અભેદ મોક્ષમાર્ગ થાય ને મોક્ષ થાય નહિ તો એ દ્રવ્ય જ રહે નહિ, કેમ કે તો એ પરિપૂર્ણ ગતિ જ ન રહેતાં દ્રવ્ય જ ન રહે અને તો દ્રવ્યનો જ નાશ થઈ જાય. માટે મોક્ષ થાય જ એવો દ્રવ્યનો સ્વભાવ જ છે. સાધક પરિણામ થયા—નિર્મળ પરિણામ થયા ને સાધ્ય ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. સાધક પરિણામ થયા ને સિદ્ધપદ ન થાય ને ભવ રહે—એમ ત્રણકાળમાં બને નહિ. જો સિદ્ધગતિ ન થાય તો પરિણામનું ફળ ન આવ્યું, ફળ ન આવ્યું તો પરિણામ જ નિરર્થક ગયા, પરિણામ નિરર્થક ગયા તો પરિણામનો ધરનાર આત્મા એનો નાશ થયો. પરંતુ એમ તો બને નહિ.

આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. અનંત તીર્થંકરોએ કહેલી વાત આ છે કે જેના પરિણામ રાગદ્વેષ રહિત થયા તેનું ફળ સિદ્ધગતિ ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. જો એમ ન થાય-ફળ ન આવે તો દ્રવ્યનો સ્વભાવ પરિપૂર્ણ છે તેનો અભાવ થાય, પરિપૂર્ણનો અભાવ થતા એના કારણના પરિણામનો અભાવ થાય, કારણના પરિણામનો અભાવ થતા દ્રવ્યનો પણ અભાવ થઈ જાય.

આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે કેમ કે જે દ્રવ્ય છે તેના જે પરિણામ—ચૈતન્યના જે પરિણામ તેનું ફળ પૂરણ થયા વિના રહે જ નહિ, એ દ્રવ્યનો પૂરણ સ્વભાવ છે. અનંત તીર્થંકરોએ આ કહેલું છે અને એ રીતે પરિણામનું ફળ જો ગતિ તરીકે ન આવે તો એ ગતિ પણ ન રહે અને તો ગતિનો ધારક દ્રવ્ય પણ ન રહે.

વસ્તુ નિત્યાનંદ પ્રભુ છે, નિત્યાનંદના પરિણામ થયા અને નિત્યાનંદરૂપી પર્યાયની દશા પૂરણ ન થાય તો એ દ્રવ્ય જ રહી શકે નહિ, પરિણામના ફળવાળું દ્રવ્ય જ રહી શકે નહિ. ફળ ન આવે ને પરિણામ એકલા રહ્યાં તો એ પરિણામનો કરનાર દ્રવ્ય પણ રહ્યું નહિ. આ બેનના (-બહેનશ્રીના) વચન છે, વસ્તુનું સ્વરૂપ છે, વસ્તુના સ્વરૂપથી નીકળેલી વાત છે.

(અનુસંધાન પાનું........૧૦)

નિશ્ચયનયનું કથન :

## રાગપરિણામનો કર્તા આત્મા

જેમ સ્વભાવ સત છે તેમ રાગ છે તે પણ ઉત્પાદરૂપણે સત છે. રાગપરિણામ પોતાની પર્યાયમાં છે માટે આત્મા તેનો કર્તા છે. નિશ્ચયનયે આત્મા રાગપરિણામનો કર્તા છે. કેમ કે પોતાની પર્યાયમાં રાગ થાય છે. એ રાગનો કર્તા જડકર્મ નથી પણ આત્મા તેનો કર્તા છે. રાગ પોતાથી પોતાની પર્યાયમાં છે એમ જાણીને સ્વદ્રવ્યના આશ્રયે છોડવો. રાગનો કર્તા પોતે છે ને રાગનો છોડનારો પણ પોતે છે એમ જાણીને ત્રિકાળીના અવલંબને રાગને ટાળી શકાય છે.

[ શ્રી પ્રવચનસાર ગાથા–૧૮૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

હવે નિશ્ચય અને વ્યવહારનો અવિરોધ દર્શાવે છે :–

–આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો<br>
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

રાગપરિણામ જ આત્માનું કર્મ છે. કેમ કે પોતાની પર્યાયમાં જડકર્મનો તો અભાવ છે. આત્માનું કર્મ–કાર્ય શું ?–કે રાગપરિણામ એ આત્માનું કાર્ય છે. જડકર્મ એ આત્માનું કાર્ય નથી. રાગ છે તે ઉત્પાદરૂપણે સત્ છે. જેમ સ્વભાવ સત છે તેમ વિકાર પણ પર્યાયમાં સત્ છે. કર્મને લઈને રાગ છે એમ નથી. દયા–દાન–વ્રત–ભક્તિ–હિંસા–જૂઠું આદિના પરિણામ રાગ છે તે આત્માનું કાર્ય છે. અનંતાનુબંધી–અવ્રત–કષાય ને યોગ–એ ચારે પ્રકારનો રાગ મિથ્યાદૃષ્ટિને છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિને અનંતાનુબંધી સિવાયનો રાગ હોય છે.

દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણે સત છે. તેથી જ્યાં સુધી રાગ પર્યાયમાં છે તે સત

છે. તેને ટાળવો છે એ વાત જુદી છે, પણ પર્યાયમાં રાગ છે. સ્ત્રી-પુત્ર-પૈસાદિ તો પર્યાયમાં પણ નથી. દૃષ્ટિના વિષયમાં તો રાગનો કર્તા માને તે મિથ્યાદૃષ્ટિ છે, પણ જ્ઞાનના વિષયમાં પર્યાયમાં રાગ છે એમ જાણવું એ સાચું જ્ઞાન છે. સમ્યગ્દર્શન થયા પછી સર્વથા રાગ છે જ નહીં એમ જ્ઞાનમાં જાણે તો તે મિથ્યાદૃષ્ટિ છે. રાગ પોતાનો છે નહીં, પણ એ કઈ અપેક્ષાએ ?—કે દ્રવ્ય-ગુણમાં નથી એ અપેક્ષાએ રાગ પોતાનો નથી. પર્યાયમાં રાગ છે, રાગ છે તે સત છે, પોતાથી છે, કર્મને લઈને નથી એમ જાણે ને જ્ઞાન પ્રધાનપણે માને ને કથનમાં પણ એમ આવે.

દ્રવ્યની દૃષ્ટિ કરતાં દ્રવ્ય-ગુણમાં રાગ નથી તેથી રાગ પોતાનો નથી. પરંતુ પર્યાયમાં તો રાગનો અંશ દશમા ગુણસ્થાન સુધી રહે છે. પર્યાયમાં રાગ છે. રાગનો કર્તા માને તે મિથ્યાત્વ—એ તો દૃષ્ટિના વિષયની વાત છે. પરંતુ દૃષ્ટિની સાથે જે જ્ઞાન પ્રગટ થયું એ જ્ઞાન જાણે છે કે રાગ મારી પર્યાયમાં છે. રાગ પરિણામ જ આત્માનું કાર્ય છે. દ્રવ્ય-ગુણમાં રાગ છે નહીં તેથી દ્રવ્ય-ગુણ ને દૃષ્ટિ અપેક્ષાએ રાગનો કર્તા માનવું તે મિથ્યાત્વ છે, પણ જ્ઞાન પ્રધાનતાથી પર્યાયમાં રાગપરિણામ આત્માનું જ કાર્ય છે. કેમ કે જડકર્મ કે નોકર્મ એ આત્માનું કર્મ નથી, અજીવનું કાર્ય છે.

જો પોતાના અસ્તિત્વમાં રાગ છે એમ જાણે તો દ્રવ્ય-ગુણના આશ્રયે રાગને છોડે. જો રાગ છે જ નહીં તેમ જાણે તો તેને ક્યારે છોડે ?—ને સ્ત્રી-પુત્ર પૈસાદિ તો પર્યાયમાં છે જ નહીં તેને શું છોડવા ? જ્યાં સુધી રાગ છે ત્યાં સુધી તે પોતાની પર્યાયમાં છે ને તે પોતાનું કાર્ય છે એમ જાણે તો દ્રવ્યસ્વભાવના આશ્રયે રાગને છોડશે. નિશ્ચયથી તો રાગ છે તે પર્યાયના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે, રાગનો કર્તા રાગ છે.

આમ કોણે કોને કહ્યું છે ? કુંદકુંદાચાર્યદેવ કહે છે કે અનંત અર્હંતદેવો થઈ ગયા તેમણે યતિઓને—અતીન્દ્રિય આનંદની ઉગ્રદશા પ્રગટ થઈ છે એવા ગણધરોને કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને પર્યાયમાં રાગ છે, રાગ છે તે દુઃખ છે, દુઃખનો-રાગનો અનુભવ પણ છે. રાગ પરિણામ આત્માનું જ કાર્ય છે એમ અર્હંતદેવોએ કહ્યું છે. તેથી રાગ કર્મથી થાય છે એ વાતનો નિષેધ થયો ને સમ્યગ્દર્શન થતાં રાગનું વેદન જ નથી એ વાતનો પણ નિષેધ થયો. સમ્યગ્દૃષ્ટિને શુદ્ધાત્માની દૃષ્ટિ થતાં પવિત્રતા પ્રગટ થઈ છતાં પર્યાયમાં હજુ રાગ બાકી છે અને તે આત્માનું કાર્ય છે.

આત્માની પર્યાયમાં જે રાગ છે, તે આત્માનું કાર્ય છે, જડકર્મનું નથી. રાગ-પુણ્યપાપના પરિણામ છે તે પર્યાયના ષટ્કારકથી છે, તેને જડકર્મની તો અપેક્ષા નથી પણ દ્રવ્ય-ગુણની પણ અપેક્ષા નથી—એમ પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં કહ્યું છે. પ્રભુ

તો આનંદસ્વરૂપ છે જ પણ પર્યાયમાં જે રાગ છે તે પર્યાયનું કાર્ય છે જેને અહીં આત્માનું કાર્ય છે તેમ કહ્યું છે.

એ રાગના બે પ્રકાર છે; શુભરાગ ને અશુભરાગ. રાગ એ આત્માનું કાર્ય છે–એમ જાણીને દ્રવ્ય–ગુણનો આશ્રય લઈને તેને ટાળે. સ્ત્રી–પુત્ર–પૈસાદિ બાહ્ય પદાર્થ તો પર્યાયમાં પણ છે નહીં, તેનો ત્યાગ કરું એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે જે પોતાની પર્યાયમાં પણ નથી એનો ત્યાગ શું કરવો? શુભરાગ ને અશુભરાગ પર્યાયમાં છે. તે રાગનો આત્મા જ કર્તા છે. અનાદિથી રાગપરિણામ છે તેનો આત્મા કર્તા છે, પરદ્રવ્ય તેનો કર્તા છે નહીં.

સર્વજ્ઞએ ગણધરોને આમ કહ્યું છે. કોને કહ્યું છે?–કે ગણધરોને કહ્યું છે અને તું એમ માની બેસે કે રાગ કર્મથી થાય છે તો ભગવાનની વાણીને તું જૂઠી કહે છે, ગણધરોએ સાંભળ્યું એ જૂઠું કહે છે ને ગણધરોએ શાસ્ત્રની રચના કરી તેને તું જૂઠી કહે છે. અર્હંતદેવોએ ગણધરોને એમ કહ્યું કે રાગપરિણામ છે એ આત્માનું કર્મ છે ને આત્મા તેનો કર્તા છે. તેથી રાગનો ગ્રહનાર ને છોડનાર આત્મા છે પણ પરપદાર્થનો ગ્રહનાર કે છોડનાર આત્મા છે જ નહીં. રાગ તારી પર્યાયમાં છે એમ જાણીને દ્રવ્યના આશ્રયે રાગને છોડવો એમ કહેવું છે. પૈસાદિને તો પર્યાયમાં પણ ગ્રહણ કર્યા નથી તેથી તેનું ત્યાગ કરવાપણું રહેતું નથી. પરંતુ પૈસા મારા છે એવો જે રાગ કર્યો તેનો ગ્રહણ કરનારો આત્મા છે ને તે રાગનો ત્યાગ કરનારો આત્મા છે.

કર્મ જાય તો રાગ ટળે એમ છે જ નહીં. પર્યાયમાં રાગને આત્માએ ગ્રહણ કર્યો છે તો તેનો ત્યાગ કરનારો આત્મા જ છે. પર્યાયમાં રાગને ગ્રહણ કરનારો આત્મા છે તેથી તેનો ત્યાગ કરનારો પણ આત્મા છે. જોકે સમયસારની ૩૪મી ગાથામાં રાગનો ત્યાગ એ નામમાત્ર કથન છે એમ કહ્યું છે. કેમ કે દ્રવ્યનો આશ્રય કર્યો ત્યાં પર્યાયમાં રાગ રહ્યો જ નહીં, થયો જ નહીં, તેથી તેનો ત્યાગ કર્યો એ તો કથનમાત્ર છે. જ્ઞાયક સ્વરૂપનો આશ્રય લેતાં, પહેલા જે પર્યાયમાં રાગ ઉત્પન્ન થતો હતો તે ઉત્પન્ન થતો જ નથી તેથી રાગના ત્યાગને નામમાત્ર કથન છે તેમ કહ્યું.

આ શુદ્ધદ્રવ્યના નિરુપણસ્વરૂપ નિશ્ચય છે. નિશ્ચયનય સ્વ–આશ્રિત પરિણામો પોતાના છે એમ બતાવે છે, તેથી તેને શુદ્ધદ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. પોતાની પર્યાય પોતાથી છે એમ નિશ્ચયનય બતાવે છે તેથી તેને શુદ્ધદ્રવ્યનો કથન કહેનાર કહ્યો છે. શુદ્ધદ્રવ્યનું કથન કહેનારનો અર્થ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય નહીં પણ પોતાના પરિણામને પોતાના કહેતો હોવાથી શુદ્ધદ્રવ્યને કહેનાર નિશ્ચયનય છે એમ કહ્યું છે.

પુદ્‌ગલના પરિણામને આત્માનું કર્મ છે એમ કહેવું તે અશુદ્ધ દ્રવ્યના નિરૂપણ-સ્વરૂપ વ્યવહારનય છે. જડકર્મની પર્યાય આત્માનું કાર્ય છે અર્થાત્ આત્માએ રાગ કર્યો માટે જડકર્મ બંધાયા તેથી આત્મા પુદ્‌ગલ કર્મનો કર્તા છે, પુદ્‌ગલ પરિણામ આત્માનું કર્મ છે અને આત્મા પુદ્‌ગલ પરિણામનો ગ્રહનારો ને છોડનારો છે, આવો જે નય છે તે અશુદ્ધદ્રવ્ય નિરૂપણસ્વરૂપ વ્યવહારનય છે.

રાગનો ગ્રહણ કરનારો પણ આત્મા ને છોડનારો પણ આત્મા છે. પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ કરનારો આત્મા નથી, એમ અહીં કહે છે. તેને અહીં શુદ્ધદ્રવ્યનું કથન કહ્યું છે. પોતાની પર્યાયમાં રાગ છે એ પોતાનું કાર્ય છે, પોતે તેનો કર્તા છે, રાગનું પરિણમન મેં કર્યું છે-એ કથન પર્યાયનું છે, પણ અહીં તેને શુદ્ધદ્રવ્યનું કથન કહ્યું છે. અહીં શુદ્ધદ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાએ જાણવું અને અશુદ્ધ-દ્રવ્યનું કથન એક દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં આરોપવાની અપેક્ષાએ જાણવું.

શુદ્ધપણે અને અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્યની પ્રતીતિ કરાય છે. સમયસારમાં એમ કહ્યું કે ભગવાન પ્રભુ પોતાના જ્ઞાનની પર્યાયમાં અવલોકનમાં આવ્યો ત્યાં આત્મા કર્તા ને નિર્મળ પર્યાય કાર્ય; પણ ત્યાં દૃષ્ટિ પ્રધાન કથન છે અને અહીં જ્ઞાનપ્રધાન કથન છે. દૃષ્ટિ છે તે નિર્વિકલ્પ છે તેથી તેનો વિષય નિર્વિકલ્પ પ્રભુ છે ને જ્ઞાન છે તે સવિકલ્પ અર્થાત્ સ્વપરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવો એનો સ્વભાવ છે. અહીં કહે છે કે શુદ્ધપણે તથા અશુદ્ધપણે બન્ને પ્રકારે દ્રવ્યની પ્રતીત કરાય છે. પરન્તુ નિશ્ચયનય સાધકતમ-ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પુણ્ય-પાપનો આત્મા કર્તા-ભોક્તા છે તે સ્વદ્રવ્યની અપેક્ષાએ પોતાના છે એ અપેક્ષાએ શુદ્ધનય છે ને તે ઉત્કૃષ્ટ સાધક હોવાથી ગ્રહણ કરવામાં આવ્યો છે. પરદ્રવ્યના કર્તા- એવો જે વ્યવહારનય તે બાધક છે ને પોતાના પરિણામનો -મલિન પરિણામનો કર્તા આત્મા છે એવો જે નિશ્ચયનય તે સાધકતમ છે.

પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે એ શુદ્ધનયનું કથન છે ને આત્મા પરની-કર્મની પર્યાયનો કર્તા છે એ વ્યવહારનયનું કથન છે- એ બન્નેનું જ્ઞાન હોવું જોઈએ. પરન્તુ નિશ્ચયનય સાધકતમ હોવાથી ગ્રહણ કરવા લાયક છે, પણ અશુદ્ધત્વનો દ્યોતક વ્યવહાર-નય સાધકતમ નથી, એટલે કે નિશ્ચયનય ઉપાદેય છે ને વ્યવહારનય હેય છે.

પ્રશ્નઃ— દ્રવ્યસામાન્યનું અવલંબન જ ઉપાદેય છે ને અહીં રાગપરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનયને ઉપાદેય કેમ કહ્યો ? સમયસારની ૧૧મી ગાથામાં ત્રિકાળી ભૂતાર્થને ઉપાદેય કહ્યો ને અહીં આ વાત કેમ કહી ?-એમ વિશેષ સમજવા માટે આશંકા કરે છે. ત્રિકાળી પૂર્ણાનંદના નાથને ઉપાદેય કહ્યો છે ને

અહીં રાગ પરિણામના ગ્રહણ-ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચનયને ઉપાદેય કેમ કહ્યો ?

ઉત્તરઃ— રાગપરિણામનો કરનાર પણ આત્મા છે. દયા-દાન-વ્રત આદિ રાગપરિણામનો પણ કર્તા આત્મા છે ને રાગને છોડીને નિર્મળ વીતરાગ પર્યાયનો કર્તા પણ આત્મા છે. અજ્ઞાનદશામાં પણ આત્મા અજ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે અને જ્ઞાનદશામાં પણ આત્મા જ્ઞાનનો સ્વતંત્ર કરનાર છે. આવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે આવી જાય છે. આત્મા રાગનો કર્તા-ભોક્તા છે એવા યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું શ્રદ્ધાજ્ઞાન ગર્ભિત આવી ગયું છે. જો વિશેષોનું બરાબર યથાર્થ જ્ઞાન હોય તો એ વિશેષોને કરનાર સામાન્યનું જ્ઞાન હોવું જ જોઈએ. જો ત્રિકાળીના શ્રદ્ધાજ્ઞાન નથી તો તેને પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી. ત્રિકાળી જ્ઞાયકભાવના જ્ઞાન વિના પર્યાયનું યથાર્થજ્ઞાન હોતું જ નથી.

તેથી અહીં રાગપરિણામના ગ્રહણ ત્યાગરૂપ પર્યાયનો સ્વીકાર કરનાર નિશ્ચયનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન ગર્ભિતપણે સમાઈ જ જાય છે. આ રીતે પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્યસામાન્યનું જ્ઞાન અપેક્ષિત હોવાથી અને દ્રવ્ય-પર્યાયોના યથાર્થ જ્ઞાનમાં દ્રવ્ય-સામાન્યના આલંબનરૂપ અભિપ્રાય અપેક્ષિત હોવાથી ઉપરોક્ત નિશ્ચયનયને ઉપાદેય કહ્યો છે.

*　　　*　　　*

( અનંતા તીર્થંકરોએ........પાનું ૫ થી ચાલુ )

રાગદ્વેષ વિનાના પરિણામ થાય ને એ પરિણામની પૂરણતા એવી સિદ્ધગતિ એ ગતિ ન થાય તો એ ગતિ જ ન રહે. ગતિ ન રહે તો ગતિના કારણના પરિણામ એ શૂન્ય થઈ જાય અને એ પરિણામનો ધરનાર દ્રવ્ય પણ રહે જ નહિ.

જે પરિપૂર્ણ નિરાવરણ તત્ત્વ છે તેના આશ્રયે થયેલા પરિણામની પરિપૂર્ણતા ન થાય તો તે પરિણામની પણ શૂન્યતા થઈ જાય, પરિણામનો પણ અભાવ થઈ જાય અને પરિણામનો અભાવ થતાં જેના આશ્રયે પરિણામ થયા એ આશ્રયભૂત દ્રવ્યનો પણ અભાવ થઈ જાય.

દ્રવ્યનો સ્વભાવ જ એવો છે કે દ્રવ્યના પરિણામ થયા તેને પૂરણ પરિણતિ થયે જ છૂટકો, બીજ ઊગી તે પૂરણ થયા વિના રહે જ નહિ, નહિ તો એ બીજ ઊગી જ નથી ને તે બીજનો ચંદ્ર પણ નથી. તેમ જેની સત્તા પૂરણ પડી છે તેના ભાવના પરિણામ પ્રગટયા અને તેની પર્યાયમાં પૂરણતા ન થાય તો જગત શૂન્ય થઈ જાય અને એમ તો ત્રણકાળમાં બને જ નહિ. દ્રવ્ય, સાધક પરિણામ અને સાધ્ય ત્રણેનો સંબંધ છે. એ સંબંધમાં કયાંય તૂટ પડે તો દ્રવ્યનો નાશ થઈ જાય.— આ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે ને વસ્તુનું સ્વરૂપ જ આ છે.

# શુદ્ધાત્મ-અવલોકન 卐 जाण अलिंगग्गहणम् ।

[ શ્રી પ્રવચનસાર, ગાથા-૧૭૨ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

## * પ્રવચન પાંચમું *

( વીર સં. ૨૫૦૪, માગશર સુદ ૧ રવિવાર તા. ૧૧-૧૨-૭૭ નું પ્રવચન )

શ્રી પ્રવચનસારશાસ્ત્રની ૧૭૨મી ગાથામાં અલિંગગ્રહણના પાંચ બોલ આવ્યા. પહેલામાં એમ કહ્યું કે જાણનારો ઇંદ્રિય દ્વારા પરને જાણવું કરતો નથી. બીજામાં જેનું ઇંદ્રિય દ્વારા જ્ઞાન થતું નથી. ત્રીજામાં બીજાઓ વડે પોતે ઇન્દ્રિયના ચિહ્નથી અનુમાનથી જણાય એવો નથી. ચોથામાં બીજાઓ દ્વારા અનુમાન વડે જ જણાય એમ નથી. પાંચમામાં પોતે અનુમાન એકલું કરીને જાણે એવો નથી. આમ આ પાંચમાં નાસ્તિથી વાત કરી. હવે છઠ્ઠામાં અસ્તિથી વાત કરે છે.

> લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૬)

જેને લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે ગ્રહણ થાય છે એટલે કે આત્મા ઇન્દ્રિયના જ્ઞાનથી નહિ, રાગથી નહિ પણ સ્વભાવ વડે જ જણાય છે. રાગરહિત નિર્મળ સ્વભાવ દ્વારા જણાય એવો છે. સમ્યગ્દર્શન થવામાં તેને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી, નિમિત્તની અપેક્ષા નથી, તેમ જ ઇન્દ્રિયના નિમિત્તથી પોતાની પર્યાયમાં થયેલું જ્ઞાન એ દ્વારા પણ એ જણાય એવો નથી. ભગવાન તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે કે એ તો સ્વભાવની નિર્મળ પર્યાય દ્વારા જ જણાય છે. જેને એટલે કે આત્માને સ્વભાવ વડે જ જ્ઞાન થાય છે.

અત્યારે તો બહારમાં એવી પ્રરૂપણા ચાલે છે કે અપવાસ કરવા, દયા, દાન, વ્રત પાળવા, તેનાથી તમને ધર્મ થશે, એ પોતે જ ધર્મ છે, અથવા તો ધર્મનું કારણ છે—એમ કહે છે. તેને કહે છે કે અરે પ્રભુ! વીતરાગનો માર્ગ એ નથી. રાગથી ધર્મ

થાય એ વીતરાગ માર્ગ નથી, અજ્ઞાનીનો માર્ગ છે. વીતરાગ પરમેશ્વર પૂર્ણ વીતરાગતાને પ્રાપ્ત થયા, પરમેશ્વરની વાણી આવી, એમાં એમ કહેવામાં આવ્યું કે પ્રભુ! તને તારૂં ભાન તારા સ્વભાવ દ્વારા થાય છે, અમારા દ્વારા પણ તને ન થાય. આવું તો તીર્થંકર વીતરાગ અને વીતરાગના સંતો જ કહે. અમારી ભક્તિ દ્વારા પણ તારું જ્ઞાન તને થાય એમ છે નહિ. વસ્તુના સ્વરૂપમાં એમ છે નહિ. ઇન્દ્રિયના નિમિત્તથી શાસ્ત્રનાં જ્ઞાન મનના નિમિત્તમાં કર્યાં, ત્યાં જ્ઞાનની પર્યાય થઈ તે પોતાથી થઈ છે પણ તે જ્ઞાનની પર્યાયથી આત્મા જણાય—એમ નથી. પ્રભુ! તારા સ્વભાવની બલિહારી છે, તું ચૈતન્યસ્વરૂપી ભગવાન છો, આનંદસ્વરૂપી છો, તે આનંદની પર્યાયથી જ આનંદનો નાથ જણાય તેવો છે, લિંગ દ્વારા નહિ. પાંચ બોલમાં લિંગ દ્વારા નહિ, લિંગ દ્વારા નહિ એમ લીધું હતું. અહીં લિંગ દ્વારા નહિ પણ સ્વભાવ વડે જેને ગ્રહણ થાય છે, જેને એટલે ભગવાન આત્માને. સ્વભાવ વડે જ એનું જ્ઞાન થાય છે આહાહા! ગજબ વાતો છે ને! નિર્મળ પર્યાય ત્રિકાળી સ્વભાવને પકડે ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય, એ જ્ઞાન કહેવાય. અગિયાર અંગ કંઠસ્થ કર્યાં, વિભંગ અજ્ઞાન પ્રગટ થયું કે જેનાથી સાત દ્વિપ ને સાત સમુદ્ર જણાય પણ એ જ્ઞાનથી આત્મા જણાય એવો નથી.

આત્મા તો પોતાના નિર્મળ શુદ્ધ પર્યાય દ્વારા જણાય, નિજ નિર્મળ વીતરાગી પર્યાય દ્વારા જીવનું જ્ઞાન થાય, પણ દાનથી, દયાથી, વ્રતથી ને તપથી કાંઈ આત્માનું જ્ઞાન થાય નહિ એમ આમાં તો આવ્યું. કોઈ કહે કે વ્યવહાર સાધન છે કે નહિ?—તો કહે છે કે એ તો જેને નિશ્ચય સ્વભાવનું જ્ઞાન સ્વભાવથી થયું એને વ્યવહારના સાધનનો આરોપ અપાય છે પરંતુ એ સાધન છે જ નહિ. જેને સ્વભાવના આશ્રયે જ્ઞાન જ થયું નથી તેને તો એ આરોપિત સાધન પણ નથી. આવો માર્ગ વીતરાગનો-ભગવાનનો છે. વર્તમાનમાં કેટલાયે ભડકી ઊઠે છે ને કહે છે કે આવું નવું ક્યાંથી કાઢયું? તો કહે છે કે ભાઈ અનાદિનો માર્ગ જ આ છે. બિલાડીના બચ્ચાં થાય તેને બિલાડી સાત દિવસ એક જગ્યાએ રાખે, પછી છોકરાઓ બચ્ચાને હેરાન કરતા થાય એટલે બીજી જગ્યાએ બદલી નાખે-એમ સાત જગ્યાએ બદલે ત્યારે બચ્ચાંને આંખો આવે, ત્યારે તેને જણાય કે આવી દુનિયા છે. પરંતુ તેને જણાય છે ત્યારે દુનિયા થઈ છે એમ નથી. આંખો ન હતી ત્યારે પણ વસ્તુ તો પહેલેથી જ હતી. એમ આત્માના જ્ઞાનના ભાનમાં જયાં સુધી વસ્તુનો ખ્યાલ ન આવે ત્યારે પણ આત્મા તો આવો છે જ, પણ જયારે જાણવામાં આવ્યો ત્યારે આત્મા આવો છે એમ જ્ઞાન થયું તેથી કાંઈ તે નવો થયો નથી.

અનંત અનંત ગુણરત્નાકરનો નાથ પ્રભુ છે. અબજોની કિંમતના હીરાનો—રત્નનો ચરૂ જમીનમાં પગ મારતાં કઠણુ પથ્થર નીકળે ને ઊંડે જતાં મળે ત્યાં ઓહોહો! થાય,

પણ અરે, એ તો જડ છે; અહીં કહે છે કે એકવાર રાગને ઠેબું માર્યું ને અંદર વીતરાગ પર્યાયથી આત્મા જણાય ત્યાં થાય કે આહાહા! આવો આત્મા!

ભગવાન જિનસ્વરૂપી વીતરાગસ્વભાવી છે તે વીતરાગ પર્યાય દ્વારા જણાય એવો છે. વીતરાગતાથી ભરેલો ભગવાન છે તેનાથી તેને સમ્યગ્દર્શન થાય છે. લાખ કરોડ વર્ષ વ્રત, તપ, ભક્તિ કરે ને અબજો રૂપિયાના દાન કરે એથી એને કાંઈ આત્મકલ્યાણ થઈ જાય ને આત્માનું જ્ઞાન થાય એ વીતરાગના પંથની રીત નથી. ભગવાન પરમાત્મા ત્રણ લોકના નાથ ઇન્દ્રોની સમક્ષમાં આમ કહેતા હતા. એ વાત અહીં આવી છે ને કહેવાય છે.

ભાઈ! આઠ વર્ષનું બાળક હોય, કન્યા નાની હોય પણ તેનો આત્મા કન્યા ક્યાં છે? એ બાળક ક્યાં છે? એ નાનો ક્યાં છે? એ તો વીતરાગમૂર્તિ અનંત ગુણનો ચરૂ એવો પોતે ભગવાન છે. અનંતગુણના વર્તમાન સર્વ પરિણામને અંદર લીન કરતાં એટલે કે શ્રદ્ધાને અંતર વાળતાં એની સાથે બધી અનંતી પર્યાયો અંતરમાં જતાં દ્રવ્યને પકડતાં તેનાથી આત્મા જણાય છે. આહાહા! આવી વાતો! એક તો એકલા પાપના પોટલા બાંધી બાંધી ગૃહસ્થાશ્રમના ધંધા આડે નવરો ન થાય, વીસ વર્ષ, પચીસ વર્ષ, ત્રીસ વર્ષ, ચાલીસ વર્ષ, અત્યારે તો સીત્તેર સીત્તેર એંસી વર્ષ થાય ત્યાંસુધી ધંધો મુકતો નથી. પ્રભુ! તારા આત્માને માટે એક ક્ષણ તો આપને બાપુ! એક ક્ષણ જે આત્મા વીતરાગી પર્યાયરૂપે પરિણમે છે તે વીતરાગી પર્યાયદ્વારા, ભગવાન આત્માના સ્વભાવ વડે જેને તેનું જ્ઞાન થાય છે તે અલિંગગ્રહણ છે. આ સિદ્ધાંત રાખીને પછી બીજી બધી વાત, પછી એને વ્યવહાર આવે, પણ તે કાંઈ સાધન છે—એમ નથી, તે વ્યવહાર આવે છે પણ તે બંધનું કારણ છે. અબંધપરિણામ તો અબંધ સ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે, કેમ કે ભગવાન પોતે અબંધસ્વરૂપી છે ને તે અબંધ-પરિણામ દ્વારા જાણવામાં આવે એવો છે.

એના વસ્તુના સ્વભાવમાં અનંત ચૈતન્યરત્ન ભર્યાં છે એનું એને મહાત્મ્ય આવતું નથી, બહારનું મહાત્મ્ય છૂટતું નથી ને અંતરનું મહાત્મ્ય આવતું નથી. બહુ તો કષાય મંદ કરીને કોઈ વ્રત પાળ્યા, ભક્તિ કરી, જાવજીવ શરીરથી બ્રહ્મચર્ય પાળ્યા, પણ એ તો પ્રભુ શુભરાગ છે ને! આત્મા પોતે જ બ્રહ્મસ્વરૂપ છે ને તેની નિર્મળ પર્યાય દ્વારા તે બ્રહ્મસ્વરૂપ આત્માને જાણે ત્યારે તેનું નામ બ્રહ્મચર્ય કહેવાય છે. બ્રહ્મસ્વરૂપ આત્માને અનુભવતારો સમ્યગ્દષ્ટિ ચક્રવર્તી છ ખંડના રાજ્યમાં પડ્યો હોય, તેને માટે ભોજનના બત્રીસ કવળ થાય છે, એનો એક કવળ ૯૬ કરોડ પાયદળ પાચન ન કરી શકે એવી ઊંચી ઊંચી કરોડો રૂપિયાની રત્નોની ભસ્મ નાખીને ભોજન બનાવવામાં આવે તેના બત્રીસ કવળ ચક્રવર્તી લે છે છતાં કહે છે કે સમકિતી આનંદના ભોજન કરે છે, આનંદામૃત નિત્યભોજી તેને કહેવાય છે. આવા બ્રહ્મસ્વરૂપ આનંદામૃત આત્માનું

અજ્ઞાનીને મહાત્મ્ય આવતું નથી ને મારે રોટલા વિના ચાલે નહિ, બીજી વસ્તુઓ વિના ચાલે નહિ એમ કહે છે. વળી કહે છે કે આવા આનંદામૃત ભગવાન આત્માના વખાણ કરો છો તો તે ધોયેલા મૂળા જેવો ગયો કયાં? તેને કહે છે કે એ તો જ્યાં છે ત્યાં છે પણ તું તારી નજર ત્યાં નાખતો નથી એટલે તને દેખાતો નથી.

અહીં કહે છે કે લિંગ દ્વારા નહિ પણ એનો સ્વભાવ અબંધસ્વરૂપ છે એટલે અબંધપરિણામ દ્વારા તે જણાય એવો છે, વીતરાગી આંખો દ્વારા તે જણાય એવો છે. આ દેખાય છે તે તો જડ આંખો છે, માટી છે. વર્તમાનમાં જાણે છે તે ખરેખર આ આંખોથી જાણતો નથી, જાણે છે તો જ્ઞાનની પર્યાયથી, પણ એમાં આંખ નિમિત્ત છે એટલે નિમિત્તના વલણવાળું જ્ઞાન છે તે આત્માનું જ્ઞાન નથી. આવું પર અપેક્ષિત જ્ઞાન તો અનંતવાર કર્યું છે પણ એનું નામ જ્ઞાન જ નથી.

પરમાં ઉલ્લસિત વીર્યથી હોંશ આવે છે તેમાં આત્મા હણાઈ જાય છે. આવી વાતો અત્યારે બધે સાંભળવા મળે તેવી નથી, ને આના નિર્ણય વિના મરણ પામે તો ક્યારે મનુષ્ય થાય? સમ્યગ્જ્ઞાનરૂપી દોરો ન પરોવ્યો એ સોય ખોવાઈ જશે, હાથ નહિ આવે. કીડી, કાગડા, કૂતરાં, સર્પ પચીસ પચાસ હાથના લાંબા અજગરરૂપે અનંતકાળ રખડવું પડશે. એ બધાં દુઃખો ટાળવાનો ઉપાય તો આ એક જ છે. આનંદનો સાગર ભગવાન કે જેનો અતીન્દ્રિય આનંદ સ્વભાવ છે તે અતીન્દ્રિય આનંદના સ્વભાવ વડે જણાય એવો છે. વ્યવહારરત્નત્રય તો રાગ છે, દુઃખ છે, દુઃખ વડે આનંદ જણાય નહીં. આનંદનો નમૂનો હોય તેના દ્વારા તે જણાય એવો છે.

વ્યવહાર તો અનંતવાર કર્યો છે. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે તેનો વ્યવહાર જુઓ તો નગ્ન મુનિ થઈ હજારો રાણીનો ત્યાગ કર્યો, અબજો રૂપિયાની પેદાશનો ત્યાગ, અને અંદર રાગની મંદતા એવી કે શુકલ લેશ્યા, પણ એ બધું તો જન્મ મરણના બીજડાં છે. એવા વ્યવહાર તો અનંતવાર કર્યા પ્રભુ! અહીં તો કહે છે કે વ્યવહાર દ્વારા જણાય નહીં, એટલે કે વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય એ રહ્યું નહિ. તો કહે છે કે બીજે ઠેકાણે શાસ્ત્રમાં કહ્યું છે કે ભિન્ન સાધ્ય સાધન છે? તેને કહે છે કે ભાઈ! એક શાસ્ત્રમાં જે કહ્યું હોય તેનાથી વિરૂદ્ધ બીજા શાસ્ત્રમાં ન કહે. વીતરાગની વાણીમાં એવું આવે જ નહિ. પૂર્વાપર વિરોધ એ વીતરાગની વાણી નહિ. જ્યાં ભિન્ન સાધ્યસાધન કહ્યું છે ત્યાં વીતરાગસ્વભાવ વડે જણાયો છે એને જે રાગ આવે છે તેને વ્યવહારનો આરોપ આપ્યો છે. આ કોઈ પંડિતાઈની ચીજ નથી. શીવભૂતિ મુનિ થઈ ગયા જેને મા રુષ, મા તુષ એમ બે શબ્દો પણ યાદ ન રહ્યા. ગુરુએ તેમને કહ્યું કે મા રુષ,

મા તુષ કોઈથી દ્વેષ કરીશ નહિ, કોઈથી રાગ કરીશ નહિ પણ તે યાદ ન રહ્યા.
એક બાઈ અડદની દાળને ફોતરાથી છૂટી પાડતી હતી, તેને બીજી બાઈએ પૂછયું કે
બેન, શું કરો છો ? ત્યારે તેણે કહ્યું કે તુષમાષ ભિન્ન કરું છું, આવું જ્યાં મુનિરાજે
સાંભળ્યું ત્યાં રાગનો વિકલ્પ એ ફોતરાં છે તેનાથી મારો નાથ અડદની અફેદદાળ જેવો
ઉજળો, ચોખ્ખો શુદ્ધ પડયો છે — એમાં ધ્યાન લાગ્યું ને મુનિરાજને અંતર્મુહૂર્તમાં
કેવળજ્ઞાન થઈ ગયું. જેને 'મા રુષ, મા તુષ' એવા શબ્દો પણ યાદ ન રહ્યા તેણે
કેવળજ્ઞાન પ્રગટાવ્યું. માટે શબ્દો યાદ રહે તો જ્ઞાની છે—એમ નથી. એની પર્યાય
જ્યાં સ્વાભાવિક અંદરમાં જાય છે ત્યારે તેને આત્માનું જ્ઞાન થાય છે. લિંગ દ્વારા નહિ
પણ સ્વભાવ વડે જેને એટલે કે આત્માને ગ્રહણ એટલે કે જ્ઞાન થાય છે.

સ્વભાવ વડે આત્માને જ્ઞાન થાય છે તે અલિંગગ્રહણ છે. આ રીતે આત્મા પ્રત્યક્ષ
જ્ઞાતા છે. જેને મન અને રાગના અવલંબનની સ્વને જાણવામાં જરૂર નથી, મતિ અને
શ્રુતજ્ઞાનથી સીધો આત્મા જણાય એવો એનો પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે, પરોક્ષ રહેવું
એનું સ્વરૂપ - સ્વભાવ નથી. રાગનો પડદો તોડીને આત્મા પ્રત્યક્ષ થાય એવો એનો
સ્વભાવ છે. આવું સાંભળીને કોઈ કહે કે આનું કાંઈ સાધન ખરું કે નહિ ? ભક્તિ
કરવી, વાંચન કરવું, ગુરુને અર્પણ કરી દેવું એ સાધન છે કે નહિ ? અહીં કહે છે કે
આત્મા પ્રત્યક્ષ જ્ઞાતા છે. અલિંગગ્રહણમાંથી એક અર્થ આવો નીકળે છે, આવો એક
ભાવ નીકળે છે, એટલે કે રાગથી ને મનથી જણાય નહિ પણ સ્વભાવથી જણાય માટે
પ્રત્યક્ષ જ્ઞાતા છે આહાહા !

અહીં તો કહે છે કે આત્માને કોતરવો હોય, ટંકોત્કીર્ણ કરવો હોય તો એને
સ્વભાવથી જ કોતરાય એવો છે. પરમાગમસ્વરૂપ ભગવાન છે, પરમજ્ઞાનસ્વરૂપ કહો કે
પરમાગમ સ્વરૂપ કહો. પરમજ્ઞાનસ્વરૂપ ભગવાન છે એને જાણવો હોય તો તેની જાતનો
જે પર્યાયસ્વભાવ છે તેનાથી જણાય એવો છે. જાતથી જાત જણાય એવી વસ્તુ છે, કજાતથી
તે જાત જણાય એવી નથી. હીરા જેવો અમૂલ્ય આત્મા છે તેને જાણવા માટે અમૂલ્ય
પર્યાયની જરૂર છે. શાસ્ત્રના જ્ઞાનથી જણાય એવો નથી. "શાસ્ત્ર દિશા દેખાડી અળગા
રહે" હાલવું તો તારે છે. શાસ્ત્ર તો કહે કે અંદર આત્મા આવો છે, પણ લક્ષ કરવું
છે તો પોતાને, એ કાંઈ શાસ્ત્ર કે ગુરુ કરી દેતા નથી. અહીં એ જ કહે છે કે ગુરુથી
તો જણાય એવો નથી, તીર્થંકર ભગવાનથી જણાય એવો નથી, ગુરુ તરફના વલણના
જ્ઞાનથી જણાય એવો નથી પણ એ તો પોતાનો નિર્મળ સ્વભાવ જે જાત છે તે જાતના
સ્વભાવની પર્યાયથી જેને જાણવું થાય છે તે અલિંગગ્રહણ છે.

બાપુ! આ જાણવા-સમજવા માટે નિવૃત્તિ લેવી જોઈએ, માથે મોટા બોજા હોય એમાં અંદર જઈ શકાય નહિ. ગુફામાં જવું હોય અને માથે પાણીનું બેડું ભલે સોનાનું હીરાજડિત હોય પણ આટલીક-નાના દ્વારવાળી ગુફામાં જવા માટે તેને બહાર મૂકીને જવું પડે, એમ ચૈતન્યગુફા અનંત આનંદની ગુફા છે. એ વીતરાગી પર્યાયસ્વભાવ દ્વારા જણાય એટલે કે વીતરાગી પર્યાય એ તરફ ઝૂકે ત્યારે તેને તેનું જ્ઞાન થાય છે એને જ્ઞાન ને આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે.

એ રીતે અહીં છઠ્ઠા બોલ સુધી તો આત્મા લિંગ દ્વારા જણાય નહિ અને સ્વભાવ દ્વારા જણાય એમ કહીને આત્માની વાત કરી, હવે એના ઉપયોગની વાત સાતમાં બોલમાં કરે છે. જિનેશ્વર ભગવાને બીજાનો આત્મા જે જોયો તે તો શુદ્ધ ચૈતન્યઘન છે, પર્યાયમાં રાગાદિ છે. તેને આત્માપણે જોયો નથી, તેને તો પુણ્યતત્ત્વ ને આસ્રવતત્ત્વપણે જોયું; પુણ્યતત્ત્વ તે આસ્રવતત્ત્વ છે, એ આસ્રવતત્ત્વથી સ્વભાવભાવ ન જણાય.

આત્માને આત્માના અવલંબને આત્મા જણાય એટલી વાત સિદ્ધ કરી; હવે જાણવું-દેખવું એનો ઉપયોગ છે તેની વાત કરે છે.

**જેને લિંગ વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે; આ રીતે આત્માને બાહ્ય પદાર્થોના આલંબનવાળું જ્ઞાન નથી એવા અર્થની પ્રાપ્તિ થાય છે. (૭)**

જાણવું દેખવું જે ઉપયોગ છે તે વડે એટલે કે ઉપયોગ નામના લક્ષણ વડે ગ્રહણ એટલે કે જ્ઞેય પદાર્થોનું આલંબન નથી તે અલિંગગ્રહણ છે. જેને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી, જાણનારો જે ઉપયોગ છે તેને જણાવાયોગ્ય જ્ઞેયનું આલંબન નથી. તે અલિંગગ્રહણ છે. લિંગથી ન જણાય ને સ્વભાવથી જણાય એમ આગળના બોલમાં વાત કરી; હવે એના ઉપયોગની વાત કરે છે. જાણવા-દેખવાના ઉપયોગને જણાય એવા જ્ઞેયનું આલંબન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર ને વાણી એ બધાં જ્ઞેય છે, એના આલંબને જ્ઞાન થાય એવો ઉપયોગ નથી. જાણવા-દેખવાનો જે શુદ્ધ ઉપયોગ છે તેને બાહ્ય પદાર્થના જ્ઞેયનું આલંબન નથી. જાણવા-દેખવાનો ઉપયોગ તે ચૈતન્યના સ્વભાવના અવલંબને થાય છે, એ ઉપયોગને બાહ્ય જ્ઞેયો-ચાહે તો તીર્થંકર ભગવાન હો કે વાણી હો કે શાસ્ત્ર હો, તેનું આલંબન નથી. બાહ્ય જ્ઞેય-જણાવાયોગ્ય પદાર્થના આલંબને ઉપયોગ થાય એવો આત્મા નથી. પર જે જ્ઞેય છે તેના આલંબને ઉપયોગ થયો છે એમ નહીં,

તેને ઉપયોગ જ કહેતા નથી. જેને જાણવા દેખવાનો ઉપયોગ-જ્ઞાનનો વ્યાપર ભગવાન ચિદાનંદપ્રભુના અવલંબે પ્રગટ્યો છે તે જ ઉપયોગ છે.

કેટલાક કહે છે કે પ્રત્યક્ષ દેખાય છે કે અમને પહેલાં જ્ઞાન ન હતું ને આવું સાંભળીને જ્ઞાનની નવીનતા દેખાય છે, જ્ઞાનમાં નવીનતા આવે છે, છતાં તમે કહો છો કે પર-જ્ઞેયનું આલંબન જ્ઞાનને નથી; તેને કહે છે કે સાંભળીને જે નવીનતા દેખાય છે તે ઉપયોગ જ નથી. ઉપયોગની જે ઋદ્ધિ છે તેને જ્ઞેયના આલંબનની જરૂર નથી. કેમ કે ઉપયોગ સ્વના આશ્રયે થાય, તેને પરના આલંબનની જરૂર નથી. કોઈ કહે કે પ્રત્યક્ષ અમને જણાય છે ને? જ્ઞેયને સાંભળતાં જ્ઞાન નવું થાય છે એમ પ્રત્યક્ષ છે ને તમે ના કહો છો કે એ ઉપયોગ નહીં. તો કહે છે કે બાપુ! તું પ્રત્યક્ષ કોને કહે છે? જે જાણવા-દેખવાનો ઉપયોગ સ્વને પ્રત્યક્ષ કરીને જાણે છે તેને ઉપયોગ કહેવાય, પર જ્ઞેયના આલંબનથી થાય તે ઉપયોગ નહીં. સાંભળીને, વાંચીને, વિકલ્પના વિચારો કરીને જે જ્ઞાન ખીલે છે તે ઉપયોગ નહીં.

ભગવાન કુન્દકુન્દાચાર્યે અલિંગગ્રહણ શબ્દ કહીને જે કહેવું છે તે ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ ટીકા કરીને ખીલવટ કરે છે. શ્રીમદ્ કુન્દકુન્દાચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલાં થયા ને ત્યારપછી એક હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્યદેવ થયા છે. તે કહે છે કે તારા જાણવા-દેખવાના ઉપયોગમાં પરજ્ઞેયના આલંબને જે જ્ઞાન દેખાય છે, તને પ્રત્યક્ષ લાગે છે તે ઉપયોગ જ નહીં. ઉપયોગ તો તેને કહીએ કે જેનો વેપાર સ્વના આશ્રયે થાય એવા જ્ઞાન ને દર્શનના પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે. [ ક્રમશઃ ]

---

[ મુક્તિ તણી શ્રદ્ધારહિત......પાનું ૩૫ થી ચાલુ ]

શાસ્ત્ર ભણવાનો ગુણ તો આત્મજ્ઞાન થવું તે છે. એ ગુણના અભાવને લીધે તે જ્ઞાની નથી. શાસ્ત્રના શ્લોકો લાખો-કરોડો કંઠસ્થ કર્યા પણ શાસ્ત્ર ભણતરનો ગુણ જે નિર્વિકલ્પ ચૈતન્યવસ્તુનું જ્ઞાન થવું તે થયું નહીં માટે તે અજ્ઞાની છે. શાસ્ત્ર ભણવાનો ગુણ શું? —કે જે ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન થવું તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. શુદ્ધજ્ઞાનમય ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહીં શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી. તેથી તેણે શાસ્ત્ર-ભણતર કરીને શું કર્યું? માટે અભવ્યજીવ દયા-દાન-વ્રત-ભક્તિ આદિ કરે, શાસ્ત્રનું ભણતર પણ કરે પણ શાસ્ત્ર ભણવાનો ગુણ જે આત્મજ્ઞાન તે તેને નથી તેથી આત્માના જ્ઞાન-શ્રદ્ધાના અભાવને લીધે તે અજ્ઞાની જ છે.

[ —શ્રી સમયસાર ગાથા ૨૭૪ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

# ક્રમબદ્ધપર્યાય

## કેટલાક પ્રશ્નોત્તર

[ગતાંકથી ચાલુ]

(૧૨) પ્રશ્ન:— આપ એમ કેમ કહો છો કે કેવળીના જ્ઞાન પ્રમાણે પ્રત્યેક મૃત્યુ સ્વકાળે જ થાય છે, કેમ કે એથી તો એવો ધ્વનિ નીકળે છે કે કોઈ અપેક્ષાએ અકાળ મૃત્યુ પણ થતું હશે ?

ઉત્તર :—થાય તો શું, કહેવામાં અવશ્ય આવે છે. અપકર્ષણ, ઉદીરણા આદિની અપેક્ષાએ આ જાતનું કથન થાય છે. તેને ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષાએ પણ કહી શકીએ છીએ.

જેમ—એક ઘડામાં દસ લીટર પાણી છે અને તેમાં એક છિદ્ર પણ છે, જેમાંથી તે પાણી એક કલાકમાં એક લીટરની ગતિએ નીકળી રહ્યું છે.

જો ગણિતના જાણનારને પૂછવામાં આવે કે તે ઘડો કેટલા સમયમાં ખાલી થઈ જશે તો તે પોતાના ગણિત અનુસાર દશ કલાક જ બતાવશે કે જે સાચું જ છે, પણ જો કોઈ ભવિષ્યવેત્તાને પૂછવામાં આવે કે તે ઘડો ક્યારે ખાલી થઈ જશે તો તે એમ પણ બતાવી શકે કે પાંચ કલાકમાં. કેમ કે તેને એની પણ ખબર છે કે પાંચ કલાક પછી એક બાળકની ઠોકરથી આ ઘડો ઢળી પડશે અને પાણી નીકળી જશે.

હવે ગણિતની અપેક્ષાએ તેને સમય પહેલાં ખાલી થયેલો કહેવાશે અને ભવિષ્યજ્ઞાની અથવા વસ્તુસ્થિતિની અપેક્ષાએ એમ કહેવાશે કે તેનું નિયત જ એ હતું; તેથી સ્વસમયમાં પોતાના હોનહાર પ્રમાણે ઉચિત નિમિત્તપૂર્વક જ બધું બન્યું છે.

એવી જ રીતે જેમ કોઈ અપરાધીને દસ વર્ષની સજા થઈ છે – જ્યારે તેણે ન્યાયાધીશને, વકીલને, જેલરને પૂછ્યું કે હું જેલમાંથી ક્યારે છૂટીશ ? તો બધાએ એક સ્વરે એ જ ઉત્તર આપ્યો કે દશ વર્ષ પછી. અને આ કથન જુઠ્ઠું પણ કહેવાતું નથી. પણ જો કોઈ ભવિષ્યવેત્તાને પૂછવામાં આવે તો તે એમ પણ કહી શકે કે પાંચ વર્ષ પછી, કેમ કે તેને ખબર છે કે પાંચ વર્ષ પછી રાજાના પુત્રનો જન્મ થશે અને તેની ખુશાલીમાં બધા કેદીઓને છોડી મૂકવામાં આવશે અને એ પણ છૂટી જશે.

ન્યાયાધીશાદિનું કથન ફેંસલામાં કરવામાં આવેલી સજાના આધારે છે અને ભવિષ્યવક્તાનું કથન વાસ્તવિકતાના આધારે છે, તેથી તે વાસ્તવિક છે અને ન્યાયાધીશાદિનું સાપેક્ષ.

તેવી જ રીતે કોઈ જીવે આયુષ્યકર્મની સ્થિતિ એંસી વર્ષની બાંધી છે અને ચાળીશ

વર્ષની ઉંમરે તેનું અપકર્ષણ થવાનું છે અથવા તેને ઉદીરણા થઈને ખરી જવાનું છે. વીસ વર્ષની ઉંમરે તેણે અવધિજ્ઞાનીને, કે જેમનું ભવિષ્યનું જ્ઞાન દસ વર્ષથી વધારે નથી, પૂછ્યું કે આનું મરણ ક્યારે થશે? તેણે પોતાના અવધિજ્ઞાનથી તેના આયુષ્યની સ્થિતિ જાણીને બતાવ્યું કે એંસી વર્ષની ઉમરે. પણ જ્યારે કેવળજ્ઞાનીને પૂછ્યું તો તેમણે બતાવ્યું કે ચાળીસ વર્ષની ઉંમરે; તો આપણને એમાંથી એક જૂઠા લાગશે. પણ આ કથન જૂઠ નથી, પરંતુ સાપેક્ષ કથન હશે.

અવધિજ્ઞાનરૂપ ક્ષયોપશમજ્ઞાનની અપેક્ષાએ તેને આપણે અકાળમૃત્યુ કહીશું અને કેવળજ્ઞાનની અપેક્ષાએ સ્વકાળમાં જ મરણ થયું કહેવાશે.

અથવા સ્વાસ્થ્ય આદિ જોઈને આપણે અપેક્ષા તો એવી રાખીએ છીએ કે આ માણસ એંસી વર્ષ જીવશે, પણ વિષાદિભક્ષણથી જ્યારે તે ચાળીસ વર્ષની ઉમરમાં જ મરી જાય છે ત્યારે કહી દઈએ છીએ-અસમયે મરણ થઈ ગયું. આપણા આ જ્ઞાનનો કયો આધાર છે કે તેને ચાળીસ વર્ષથી વધારે જીવવાનું હતું? એ જ્ઞાન વિના તેને અકાળ કહેવું તે કથનમાત્ર સિવાય બીજું શું હોઈ શકે?

ઉક્ત કથનથી એ સ્પષ્ટ થઈ જાય છે કે મરણ તો જ્યારે થવાનું હતું ત્યારે જ થયું છે, તેમાં કોઈ ફેરફાર થયો નથી. જે કાંઈ પણ અંતર આવ્યું છે, તે માત્ર કથનમાં આવ્યું છે.

જે શબ્દોમાં 'અ' લગાડીને નિષેધવાચક બનાવવામાં આવે છે, તેમાં 'અકાળ' પણ એક શબ્દ છે, જેનો અર્થ સમય પહેલાં ન થતાં કાળ સિવાયના કોઈ બીજા કારણે એવો થાય છે. કેમ કે આ પ્રકરણમાં 'કાળ' શબ્દનો પ્રયોગ એક કારણના અર્થમાં થયો છે.

મૃત્યુરૂપી કાર્ય થવામાં અનેક કારણ હોય છે, તેમાં કાળ પણ એક કારણ છે. કથનમાં અનેક કારણ તો એક સાથે આવી નથી શકતા, તેથી કોઈ એક કારણને મુખ્ય કરીને કથન થાય છે. જ્યારે કાળને મુખ્ય કરીને કથન થાય છે, ત્યારે તેને કાળમૃત્યુ કહે છે અને જ્યારે કાળ મુખ્ય કારણરૂપ ન દેખાય અને કાળથી ભિન્ન વિષ ભક્ષણાદિ કોઈ અન્ય કારણ મુખ્ય દેખાય તો તેને અકાળમરણ કહેશે. અકાળમૃત્યુની વ્યાખ્યામાં કહ્યું પણ છે કે વિષ ભક્ષણાદિ દ્વારા થનાર મૃત્યુને અકાળમૃત્યુ કહે છે.

આથી તો એ જ નિષ્કર્ષ નીકળે છે કે 'અકાળ' શબ્દ અસમયનો સૂચક ન હોતાં કાળ સિવાયના અન્ય કારણોનો દ્યોતક છે.

જ્યારે આપણે કોઈના મરણ પછી પૂછીએ છીએ કે કાલ સુધી તો તે સારો હતો, છેવટે તેને અચાનક શું થયું? તો એ જ ઉત્તર મળે છે કે કંઈ નહીં, સમજી લ્યો ને

કે એનો કાળ જ આવી ગયો હતો. જેનો કાળ આવી જાય, તેને કોણ બચાવી શકે છે? વળી કોઈ કારણની ખબર પડત, તો તેનો ઉપાય પણ કરત.

તથા જો કોઈ વિષભક્ષણ, અકસ્માત આદિ અન્ય કારણ જોવામાં આવે છે તો કોઈ એમ નથી કહેતું કે તેનો કાળ જ આવી ગયો હતો, પરંતુ એમ કહેવામાં આવે છે કે ઘેરથી સાજા સમા નીકળ્યા હતા, પણ અકસ્માત થઈ ગયો અથવા કોઈએ ઝેર આપી દીધું અથવા બીજું જે કાંઈ થયું હોય છે, તે કહેવામાં આવે છે. સાથે એમ પણ કહેવામાં આવે છે કે ભાઈ તે તો બિચારા અકાળમૃત્યુનો શિકાર થઈ ગયા.

આ રીતે અકાળમૃત્યુ અસમયનું સૂચક ન હોતાં કાળ સિવાયના મુખ્ય રૂપે બીજા કારણોથી થનાર મૃત્યુનું સૂચક છે.

આ રીતે એ સ્પષ્ટ થઈ જાય છે કે અકાળમૃત્યુના કથનથી 'ક્રમબદ્ધપર્યાય' ની માન્યતામાં કોઈ ફેર પડતો નથી.

(૧૩) પ્રશ્ન:—જો એમ માનીએ તો શું નુકશાન કે કેવળીના જ્ઞાનાનુસાર બધું જ ક્રમબદ્ધ છે અને આપણા જ્ઞાનાનુસાર અક્રમબદ્ધ, કેમ કે કેવળીને ભવિષ્યનું જ્ઞાન છે અને આપણને નથી? આમ માનવાથી અનેકાન્ત પણ સિદ્ધ થઈ જાય છે.

ઉત્તર:—આપણા માનવાથી વસ્તુનું સ્વરૂપ એ પ્રકારનું ઓછું જ થઈ જવાનું છે, તે તો જેવું છે, તેવું જ છે; અને આપણે પણ તેને તેમજ સમજવાનું છે, જેવું તે છે; આપણી માન્યતા થોડી જ તેના ઉપર લાદવાની છે?

કેવળી ભગવાનનું જ્ઞાન પર્યાયોની ક્રમબદ્ધતાને સ્પષ્ટ-પણે દેખે - જાણે છે અને આપણે તેને આગમથી, અનુમાનથી, યુક્તિથી જાણીએ છીએ. તેઓ એ પણ સ્પષ્ટ જાણે છે કે કયા દ્રવ્યની, કઈ પર્યાય, ક્યારે અને કઈ રીતે તથા કયા નિમિત્તપૂર્વક, કેવી થશે અને આપણે માત્ર એમ જાણીએ છીએ કે પ્રત્યેક દ્રવ્યની, પ્રત્યેક પર્યાયના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને નિમિત્ત બધું જ નિશ્ચિત છે, પણ એ નથી જાણતા કે કોનું, ક્યારે, શું, કેવી રીતે થશે.

'ભવિષ્યની પર્યાયો પણ ક્રમબદ્ધ જ થાય છે' - એ જ્ઞાન હોવા છતાં પણ જો આપણને એ જ્ઞાન ન હોય કે કોના પછી, કઈ પર્યાય થશે-તો એનાથી તે અક્રમબદ્ધ કેવી રીતે થઈ જાય, જેથી આપણે એમ કહી શકીએ કે આપણા જ્ઞાનાનુસાર પર્યાયો અક્રમબદ્ધ થાય છે.

એથી તો આપણું અજ્ઞાન જ સિદ્ધ થાય છે, પર્યાયોની અક્રમબદ્ધતા નહિ. આપણને આપણું અજ્ઞાન પર્યાયો ઉપર લાદવાનો કયો અધિકાર છે?

જરા વિચાર તો કરો. રવિવાર આદિ સાત વારોનો એક ક્રમ નિશ્ચિત છે. કેટલાક

માણસોને તેમના ક્રમનું જ્ઞાન છે, તેઓ સારી રીતે જાણે છે કે કયા વાર પછી કયો વાર આવે છે અને એ પણ જાણે છે કે ભવિષ્યમાં પણ આ જ ક્રમમાં આ વાર આવશે, પણ કેટલાક માણસોને આ વાતનું જ્ઞાન નથી. તો શું જે માણસોને જ્ઞાન છે, તેમના જ્ઞાનાનુસાર વાર ક્રમબદ્ધ હશે અને જેમને જ્ઞાન નથી, અથવા ખોટું જ્ઞાન છે તેમના જ્ઞાનાનુસાર તે અક્રમબદ્ધ અથવા અનિશ્ચિત થઈ જશે ?

મને વિશ્વાસ છે–આ વાત આપને પણ સ્વીકાર્ય નહિ હોય, કેમ કે તેમના જ્ઞાન, અજ્ઞાન કે ખોટા જ્ઞાનની વાર ઉપર શી અસર થવાની છે ? તે તો પોતાના નિશ્ચિત ક્રમાનુસાર જ થશે; તેવી જ રીતે પર્યાયોની ક્રમબદ્ધતારૂપ વસ્તુસ્થિતિમાં કેવળીના જ્ઞાન અને ક્ષયોપશમ જ્ઞાનવાળાઓના જ્ઞાન કે અજ્ઞાનથી કયો ફેર પડે છે ? તે તો જેવી છે તેવી જ રહેશે.

જ્ઞાન, અજ્ઞાન, અલ્પજ્ઞાન, પૂર્ણજ્ઞાન, મિથ્યાજ્ઞાનની સ્થિતિઓ સાથે વસ્તુની સ્થિતિને કાંઈ સંબંધ નથી, એનાથી તેમાં કોઈ ફેર પડતો નથી. ઉલ્ટું વસ્તુની જે સ્થિતિ છે, તેના અનુસાર જ જ્ઞાન જાણે છે–અર્થાત્ તેને જે સાચું જાણે છે, તે સાચું જ્ઞાન છે; જે પૂર્ણ જાણે છે તે પૂર્ણ જ્ઞાન છે; જે અપૂર્ણ જાણે છે તે અપૂર્ણ જ્ઞાન છે; જે મિથ્યા જાણે છે તે મિથ્યા જ્ઞાન છે, અને જે નથી જાણતું તે અજ્ઞાન છે.

તેથી એમ કહેવું કે કેવળીના જ્ઞાન અનુસાર પર્યાયો ક્રમબદ્ધ થાય છે અને આપણા જ્ઞાન અનુસાર અક્રમબદ્ધ; તે ક્રમબદ્ધપર્યાયનું સાચું સ્વરૂપ સમજ્યા વિના જ 'હું પણ સાચો અને તું પણ સાચો' જેવી ઉભયાભાસી બાળચેષ્ટા છે, અનેકાન્ત નથી.

જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચામાં સમ્મિલિત બન્ને પક્ષોના બધા દિગ્ગજ વિદ્વાનોએ એકીમતે એ સ્વીકાર્યું છે કે પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે. આ વાતનો ઉલ્લેખ જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચામાં આ રીતે મળે છે :—

"૧. બીજા પક્ષ દ્વારા પ્રત્યેક કાર્યનો સ્વકાળે થવાનો સ્વીકાર.

એની શરૂઆત કરતાં બીજા પક્ષે સર્વપ્રથમ અમારા દ્વાર પ્રથમ અને દ્વિતીય ઉત્તરમાં ઉલ્લેખાયેલ જે પાંચ આગમપ્રમાણોના આધારે એ સ્વીકારી લીધું છે કે 'પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે' એની અમને પ્રસન્નતા છે. અમને વિશ્વાસ છે કે સમગ્ર જૈન પરંપર આમાં પ્રસન્નતાનો અનુભવ કરશે, કેમ કે 'પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે' એ તથ્ય એક એવી વાસ્તવિકતા છે. જે જૈનધર્મ અને વસ્તુવ્યવસ્થાનો પ્રાણ છે. એનો અસ્વીકાર કરવાથી ન તો કેવળજ્ઞાનની સર્વજ્ઞતા સિદ્ધ થાય છે અને ન વસ્તુવ્યવસ્થાને અનુરૂપ કાર્ય–કારણ પરંપરા સુઘટિત થઈ શકે છે.

બીજા પક્ષે પ્રતિશંકા ૩ માં જે શબ્દો દ્વારા સ્વકાળે કાર્યનું થવું સ્વીકાર્યું છે, તે

શબ્દો આ રીતે છેઃ-

'એ અમે જાણીએ છીએ કે જિનેન્દ્રદેવને કેવળજ્ઞાન દ્વારા પ્રત્યેક કાર્યની ઉત્પત્તિનો સમય માલૂમ છે. કારણ કે કેવળજ્ઞાનમાં વિશ્વના સમસ્ત પદાર્થોની ત્રિકાળવર્તી સમસ્ત પર્યાયોનું કેવળજ્ઞાની જીવોને યુગપત્ જ્ઞાન કરાવવાનું સામર્થ્ય જૈન સંસ્કૃતિ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. તે જ આધારે આ વાત પણ અમે માનીએ છીએ કે પ્રત્યેક કાર્યની ઉત્પત્તિ તે જ કાળે થાય છે, જે કાળે તેની તે ઉત્પત્તિ થવી કેવળજ્ઞાની જીવના કેવળજ્ઞાનમાં પ્રતિભાસિત થઈ રહી છે.'

૨. કેવળજ્ઞાન જ્ઞાયક છે કારક નથી.

સાથો સાથ ઉક્ત તથ્યના સ્વીકાર પછી સામા પક્ષ તરફથી જે આ ભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે કે – 'પરંતુ કોઈ પણ કાર્યની ઉત્પત્તિ જે કાળે થાય છે તે કાળે તે એ આધારે નથી થતી કે તે કાળે તે કાર્યની તે ઉત્પત્તિનું થવું કેવળજ્ઞાનીના જ્ઞાનમાં પ્રતિભાસિત થઈ રહ્યું છે. કેમ કે વસ્તુની જે કાળે જેવી અવસ્થા હોય તે અવસ્થાને જાણવા માત્રનું કેવળજ્ઞાનનું કાર્ય છે, તે કાર્ય થવું કેવળજ્ઞાનનું કાર્ય નથી.

આ કથન પણ આગમ પરંપરાને અનુરૂપ હોવાથી સ્વીકાર કરવા યોગ્ય છે, પરંતુ બીજા પક્ષના આ કથનમાં આટલું અમે વિશેષ જોડી દેવા ઇચ્છીશું કે – 'જે રીતે, જે કાળે, જે કાર્ય થાય છે તેને કેવળજ્ઞાન યથાવત્ જાણે છે; તેવી જ રીતે તેની કારક સામગ્રીને પણ તે જાણે છે.'

કેવળજ્ઞાન કોઈ કાર્યનું કારક ન હોઈ જ્ઞાપક માત્ર છે એમાં કોઈને વિવાદ નથી."[1]

આ ઉલ્લેખથી એ તો સિદ્ધ થઈ જ જાય છે કે પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે– એ એક સર્વમાન્ય તથ્ય છે.

હવે રહી વાત અનેકાન્તની, તો ભાઈ! અનેકાંત વસ્તુના સ્વરૂપમાં સહેજે જ ઘટિત થાય છે, તેને ઘટિત કરવા માટે વસ્તુસ્વરૂપને પરાણે વિકૃત કરવાની આવશ્યકતા નથી.

'પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે, અક્રમે નહિ; અને ગુણો અક્રમ જ હોય છે, ક્રમે નહિ.'–આ વિધિ નિષેધપરક સમ્યક્ અનેકાન્ત છે, એને જ વધારે સ્પષ્ટ કરીએ તો ગુણોની અપેક્ષાએ દ્રવ્ય અક્રમ (યુગપદ્) છે અને પર્યાયોની અપેક્ષાએ ક્રમબદ્ધ.

આ રીતે ગુણ–પર્યાયાત્મક વસ્તુમાં ક્રમ–અક્રમ સંબંધી અનેકાન્ત ઘટિત થાય છે. જેમ કે આત્મખ્યાતિમાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે:—

---

૧ જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા, પ્રથમ ભાગ, પૃષ્ઠ ૨૪૯

"क्रमाक्रमप्रवृत्तविचित्रभावस्वभावत्वादुत्संगितगुणपर्याय:।[1]

અને તે સમય (આત્મા અથવા કોઈ પણ દ્રવ્ય) ક્રમરૂપ (પર્યાય) અને અક્રમરૂપ (ગુણ) પ્રવર્તમાન અનેક ભાવ જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણ–પર્યાયોને અંગીકાર કર્યા છે-એવું છે."

અહીં વસ્તુને ગુણ–પર્યાયાત્મક કહી છે તથા ગુણોનો સ્વભાવ અક્રમ અને પર્યાયોનો સ્વભાવ ક્રમવર્તી કહ્યો છે.

જો પર્યાયોમાં જ ક્રમ–અક્રમ ઘટિત કરવું ઇષ્ટ હોય તો તે અપેક્ષા બીજી હશે.

પ્રત્યેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને પ્રત્યેક ગુણની પ્રતિ સમય એક પર્યાય થાય છે; આ અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્યમાં એક સમયમાં જ અક્રમ અર્થાત એક સાથે અનંત પર્યાયો થઈ જાય છે. તથા એક ગુણની અનંત સમયોમાં અનંત પર્યાયો થાય છે, તે ક્રમશઃ એક–એક સમયમાં એક–એક જ થાય છે.

આ રીતે પર્યાયોને પણ ક્રમ–અક્રમ કહી શકાય છે. પણ ધ્યાનમાં રહે કે આ અપેક્ષાએ ક્રમ–અક્રમ માની લેવા છતાં પણ 'ક્રમબદ્ધપર્યાય'માં ચર્ચાયેલ પર્યાયોની ક્રમનિયમિતતા પર કોઈ પ્રભાવ પડતો નથી.

આ પ્રકારનું કથન તત્ત્વાર્થરાજવાર્તિકમાં આવે છે, કે જે આ રીતે છે:—

"स च पर्यायो युगपद्वृत: क्रमवृत्तो वा। सहवृत्तो जीवस्य पर्याय: अविरोधात् सहावस्थायी सहवृत्त: गतीन्द्रिय काययोगवेदकषायज्ञानसंयमादि:। क्रमवर्ती तु क्रोधादि देवादि-बाल्याद्यवस्थालक्षण:।[2]

અને તે પર્યાય યુગપદ્ પણ હોય છે અને ક્રમવર્તી પણ હોય છે. અવિરોધપણે એક સાથે રહેવાવાળી જીવની પર્યાય એક સાથે હોવાને કારણે ગતિ, ઇંદ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન અને સંયમ આદિ સહાવસ્થાયી પર્યાય છે તથા ક્રોધાદિ, દેવાદિ અને બાળાદિ અવસ્થાલક્ષણ ક્રમવર્તી પર્યાય છે."

'ક્રમ' અને 'અક્રમ' શબ્દોના અર્થ બે પ્રકારે કરવામાં આવે છે. પ્રથમ તો એ કે ક્રમ અર્થાત્ ક્રમશઃ એટલે કે એક પછી એક અને અક્રમ અર્થાત્ યુગપદ્ એટલે કે એકસાથે. બીજો એ-ક્રમ એટલે એક પછી એક અને તે પણ નિશ્ચિત એકદમ વ્યવસ્થિત તથા આ રૂપે કે 'આના પછી આ જ, બીજું નહિ.' અક્રમ એટલે અવ્યવસ્થિત, કાંઈ પણ નિશ્ચિત નહિ, ગમે તેના પછી ગમે તે.

---

૧ સમયસાર ગાથા ૨ની ટીકા. ૨. તત્ત્વાર્થવાર્તિક, અધ્યાય ૪, સૂત્ર ૪૨ પૃષ્ઠ ૨૫૯.

ઉક્ત બંને અર્થોમાં પ્રથમ અર્થ અનુસાર જ પર્યાયોમાં ક્રમ-અક્રમ બંને અપેક્ષાએ ઘટે છે, જ્યારે પ્રસ્તુત અનુશીલનમાં બીજા અર્થની અપેક્ષાએ ક્રમબદ્ધપર્યાયનું અનુશીલન કરવામાં આવ્યું છે, તદનુસાર પર્યાયો એક નિશ્ચિત ક્રમાનુસાર જ થાય છે, અક્રમે નહિ. એવું સમ્યક્ એકાન્ત ફલિત થાય છે, કે જે સ્યાદ્વાદી જૈનદર્શનને ઇષ્ટ જ છે.

સમ્યક્ અને મિથ્યાના ભેદથી એકાંત પણ બે પ્રકારના હોય છે અને અનેકાંત પણ બે પ્રકારના, જેની ચર્ચા 'ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન'માં વિસ્તારથી કરી ગયા છીએ. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જૈનદર્શન સમ્યક્ એકાંતવાદી અને સમ્યક્ અનેકાંતવાદી દર્શન છે.

સમ્યક્ અનેકાંત દ્રવ્ય પર્યાયાત્મક વસ્તુમાં ઘટિત થાય છે અને સમ્યક્ એકાન્ત દ્રવ્યપર્યાયાત્મક વસ્તુના એક અંશ અર્થાત્ દ્રવ્ય કે પર્યાયમાં ઘટિત થાય છે.

અહીં પર્યાયની ચર્ચા છે, તેથી તેના ઉપર સમ્યક્ એકાન્ત જ ઘટિત થાય છે. પર્યાયો ક્રમબદ્ધ જ થાય છે, એ સમ્યક્ એકાંત છે અને ગુણ અક્રમબદ્ધ (યુગપદ્) જ હોય છે-એ પણ સમ્યક્ એકાંત છે.

ગુણ અને પર્યાય-બન્ને વસ્તુ (દ્રવ્ય) ના અંશ છે અને વસ્તુ અર્થાત્ દ્રવ્ય અંશી છે. નયરૂપ સમ્યક્ એકાંત અંશગ્રાહી હોય છે અને પ્રમાણરૂપ સમ્યક્ અનેકાન્ત અંશીગ્રાહી અર્થાત્ વસ્તુગ્રાહી હોય છે. ગુણ અને પર્યાય વસ્તુના અંશ છે, તેથી તેઓ સમ્યક્ એકાન્તસ્વરૂપ છે અને ગુણ-પર્યાયાત્મક વસ્તુ અંશી હોવાથી અનેકાન્ત સ્વરૂપ છે.

અક્રમવર્તી ગુણ અને ક્રમવર્તી પર્યાય-આ રીતે ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં અનેકાન્ત ઘટિત થાય છે.

આમ તો એક અપેક્ષા અમે ઉપર પર્યાયોમાં પણ ક્રમાક્રમ ઘટિત કરી ગયા છીએ અને એ પણ બતાવી ગયા છીએ કે અકલંકદેવે આવો પ્રયોગ કર્યો છે, છતાં પણ જો આપ આજ અપેક્ષાએ એકલી પર્યાયમાં ક્રમાક્રમ ઘટાવવાની હઠ કરશો તો પછી અમે આપને એમ પણ કહી શકીએ છીએ કે એકલી પર્યાયમાં આપ નિત્યાનિત્યાત્મક અનેકાન્ત પણ ઘટાવો અથવા એકલા પર્યાય વિનાના દ્રવ્યમાં જ નિત્યાનિત્યાત્મક અનેકાન્ત ઘટાવી બતાવો.

આખરે નિત્યાનિત્યાત્મક અનેકાન્ત પણ ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં જ ઘટિત થાય છે, એકલી પર્યાયમાં નહિ, એકલા દ્રવ્યમાં પણ નહિ.

જેમ-વસ્તુ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે અને પર્યાયદૃષ્ટિએ અનિત્ય. શું પર્યાય રહિત એકલા દ્રવ્યમાં અથવા એકલી પર્યાયમાં નિત્યાનિત્યાત્મકતા ઘટી શકે છે ? ના, તો પછી ક્રમાક્રમને

પણ એકલા દ્રવ્ય અથવા એકલી પર્યાયમાં ઘટાવવાની હઠ શા માટે? ક્રમાક્રમનું અનેકાંત પણ ગુણ-પર્યાયાત્મક વસ્તુમાં જ ઘટશે.

અનેકાંતનું સાચું સ્વરૂપ સમજ્યા વિના ફાવે ત્યાં આડું અવળું અનેકાંત લગાડવું તે સારી વાત નથી. અનેકાન્ત ઘટાવવા પહેલાં તેનું સાચું સ્વરૂપ સમજી લેવું જોઈએ.[1]

(૧૪) પ્રશ્ન:—અકાળમૃત્યુના સંદર્ભમાં આપે જ ઘડાના પાણીનું અને અપરાધીના જેલમાંથી છૂટવા આદિનું ઉદાહરણ આપીને એ બતાવ્યું હતું કે કેવળીના જ્ઞાન અનુસાર તો મરણાદિ કાર્ય સ્વકાળે જ થાય છે પરંતુ જ્યોતિષ આદિ ક્ષયોપશમ જ્ઞાનના અનુસાર જે કાંઈ મરણાદિ સંબંધી ભવિષ્ય બતાવવામાં આવે છે તેમાં આયુષ્યના અપકર્ષણ આદિ દ્વારા ફેરફાર પણ થઈ જાય છે.

આથી તો એમ પ્રતીત થાય છે કે કેવળીના જ્ઞાનાનુસાર પર્યાયો ક્રમબદ્ધ અને આપણા જ્ઞાનાનુસાર અક્રમબદ્ધ થાય છે?

ઉત્તર :-ઉક્ત ઉદાહરણોથી તો એમ સિદ્ધ કરવામાં આવ્યુ હતું કે મરણાદિ પ્રત્યેક કાર્ય (પર્યાય) થાય છે તો સ્વકાળે જ, પણ તેનું કથન તે પ્રકારે થાય છે; એમ નહોતું બતાવ્યું કે કેટલીક પર્યાયો સ્વકાળે થાય છે અને કેટલીક અકાળે પણ થઈ જાય છે

આયુષ્ય કર્મની સ્થિતિના અપકર્ષણાદિ વિના આયુષ્યકર્મની સ્થિતિ પૂર્ણ થયા પછી થનાર મરણને કાળમરણ અને આયુષ્યકર્મની સ્થિતિના અપકર્ષણાદિથી થનાર મરણને અકાળ મરણ કહેવામાં આવે છે.

અકાળમરણનો આશય સ્વકાળ વિના થનાર મૃત્યુ એવો નથી, પરંતુ આયુષ્યકર્મના અપકર્ષણાદિથી થનાર મૃત્યુ એવો છે. આયુષ્યના અપકર્ષણાદિના કારણે અકાળમરણ તેની સંજ્ઞામાત્ર છે. વાસ્તવમાં તો પ્રત્યેક કાર્ય સ્વકાળે જ થાય છે.

મોક્ષ અને સમ્યકત્વરૂપી કાર્યના સંબંધમાં કળશ ટીકાકાર પાંડે રાજમલજી લખે છે :—

"આ જીવ આટલો કાળ વીત્યા પછી મોક્ષમાં જશે-એવી નોંધ કેવળજ્ઞાનમાં છે.... જો કે સમ્યકત્વરૂપ જીવદ્રવ્ય પરિણમે છે તોપણ કાળલબ્ધિ વિના કરોડ ઉપાય કરવામાં આવે તોપણ જીવ સમ્યકત્વરૂપે પરિણમવા યોગ્ય નથી.[2]"

કોઈ પણ ઘટના નવી બનતી નથી, પરંતુ તે પહેલાથી જ સ્થિત છે, નિશ્ચિત છે; તે તો માત્ર સ્વકાળે જ પ્રગટ થાય છે. આ જાતનો ભાવ સાપેક્ષવાદના પ્રબળ પ્રચારક પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઇને (Einstein) પણ વ્યક્ત કર્યો છે. કે જે આ રીતે છે.

---

૧. અનેકાંતની વિસ્તૃત જાણકારી માટે લેખકની અન્ય રચના 'અનેકાંત ઔર સ્યાદ્‌વાદ' જુઓ.
૨. સમયસાર કળશ ૪ ની ટીકાનો ભાવાર્થ

"Events do not happen, they already exist and are seen on the time-machine.

ઘટનાઓ બનતી નથી; તેઓ પહેલેથી જ વિદ્યમાન હોય છે, તથા કાળચક્ર ઉપર દેખા દે છે."

(૧૫) પ્રશ્નઃ—શાસ્ત્રોમાં એક અકાળનય પણ આવે છે? કાળનયે કાર્ય સ્વકાળે થાય છે અને અકાળનયે અકાળે પણ થઈ જાય છે—એમ માનીએ તો શું આપત્તિ છે?

ઉત્તરઃ—અકાળનયનો અર્થ એ નથી કે કાર્ય સ્વસમયમાં ન થતાં અસમયમાં થઈ જાય છે કાર્ય તો પાંચે સમવાય મળતાં જ થાય છે, પણ જ્યારે એક કારણને મુખ્ય કરીને કથન થાય છે ત્યારે અન્ય કારણ ગૌણ રહે છે, તેમનો અભાવ નથી થતો.

જેમ-નિસર્ગજ સમ્યગ્દર્શન પણ દેશનાલબ્ધિ વિના નથી થતું અને અધિગમજ સમ્યગ્દર્શન પણ સ્વભાવના આશ્રયથી જ થાય છે, છતાં પણ જેમાં ઉપદેશની મુખ્યતા હોય છે તેને અધિગમજ અને જેમાં ઉપદેશનો પ્રસંગ પ્રત્યક્ષ દેખાતો નથી તેને નિસર્ગજ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

તેવી જ રીતે જે કાર્યની ઉત્પત્તિમાં કાળ સિવાયના પુરુષાર્થાદિ અન્ય સમવાય મુખ્ય દેખાય છે, તેને અકાળનયનો વિષય કહે છે તથા જેમાં કાળની મુખ્યતા દેખાય છે, તેને કાળનયનો વિષય કહેવામાં આવે છે. આને જ આ રીતે વ્યક્ત કરવામાં આવે છે કે કાળનયે સ્વકાળે કાર્ય થાય છે અને અકાળ નયે અકાળે.

આ કથનનું તાત્પર્ય એ કદાપિ નથી કે કાર્ય સમય પહેલાં થઈ ગયું.

(૧૬) પ્રશ્નઃ—પ્રવચનસારમાં જ્યાં કાળનય અને અકાળનયનું કથન છે, ત્યાં તો કેરીનું ઉદાહરણ આપીને ચોખ્ખે-ચોખ્ખું લખ્યું છેઃ—

"કાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર રાખે છે, ગરમીના દિવસો અનુસાર પાકનાર કેરીની જેમ અને અકાળનયે આત્મદ્રવ્યની સિદ્ધિ સમય પર આધાર નથી રાખતી, કૃત્રિમ ગરમીથી પકાવવામાં આવેલી કેરીની જેમ." ૧

ઉત્તર :—લખ્યું તો ચોખ્ખું જ છે, પણ એનો અર્થ શું છે? એ પણ વિચાર કર્યો કે નહિ? કૃત્રિમ ગરમીથી પકાવવામાં આવેલ કેરી સમય પહેલાં પાકી ગઈ-એ વાત ક્યાંથી આવી? શું તમને એ ખબર હતી કે તે ક્યારે પાકવાની હતી? બની શકે કે તેના

---


૧. कालनयेन निदाघदिवसानुसारि पच्यमानसहकारफलवत्समयायत्तसिद्धिः।
अकालनयेन कृत्रिमोष्मपाच्यमान सहकारफलवत्समयानायत्तसिद्धिः॥
—પ્રવચનસાર, પરિશિષ્ટ, પૃષ્ઠ ૫૨૭-૨૮.

પાકવાનો કાળ તે જ હોય, જ્યારે તે પાકી છે; અને તેને પકાવવાનું નિમિત્ત પણ કૃત્રિમ ગરમી જ હોય, તે ક્યારે અને કેવી રીતે પાકવાની છે એની જાણકારી વિના; આપ કેવી રીતે કહી શકો કે તે સમય પહેલાં જ પાકી ગઈ છે? [-ક્રમશઃ]

## વૈરાગ્ય-સમાચાર

* જામનગરનિવાસી સમરતબેન લક્ષ્મીચંદ પુનાતર (વર્ષ-૮૦) તા. ૩-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* સોનાસણનિવાસી શ્રી શકરાલાલ જગજીવનદાસ ગાંધી (વર્ષ-૬૬) તા. ૭-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* કલોલનિવાસી સમરતબેન (વર્ષ-૭૯) તા. ૧૦-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* ગોંડલનિવાસી મીસ્ત્રી વાલજીભાઈ શામજીભાઈ (વર્ષ-૬૫) તા. ૧૧-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* ઘાટકોપરનિવાસી શ્રી રમેશચંદ્ર સુમતિલાલ શાહ (વર્ષ-૪૮) તા. ૧૧-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* પાલનપુરનિવાસી શ્રી ચીમનલાલ કકલચંદ મોદી (વર્ષ-૮૪) તા. ૧૯-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* વડોદરાનિવાસી શ્રી મનસુખલાલ છબીલદાસ પટેલ (વર્ષ-૬૦) તા. ૨૧-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* બોટાદનિવાસી કસ્તુરબેન નરશીદાસ ગાંધી તા. ૨૩-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* વાંકાનેરનિવાસી શ્રી વનેચંદ રાઘવજી મહેતા (વર્ષ-૮૦) તા. ૨૫-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* સોનગઢનિવાસી ભાવેશકુમાર રાજેન્દ્રભાઈ (વર્ષ-૧૦) તા. ૩૦-૩-૮૦ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.
* ચોટીલાવાળા મણીબેન કેવળચંદ કોઠારી (વર્ષ-૭૮) સ્વર્ગવાસ પામેલ છે.
* દમોહનિવાસી બ્ર. શ્રી નિર્મળકુમાર જૈન (વર્ષ-૩૪) તા. ૧૫-૪-૮૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ઉપરોક્ત મુમુક્ષુઓને વીતરાગી દેવ-ગુરુ-ધર્મ પ્રતિ અત્યંત ભક્તિભાવ હતો. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો ખૂબ લાભ લેતા હતા. સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગ ધર્મનું શરણ પામી આત્મોન્નત્તિ પામો એ જ ભાવના.




* જ્ઞાન છે તે નિત્ય આનંદરૂપ અમૃતનું ભોજન કરનારું છે. રાગરૂપી ઝેરનો ત્યાગ કરીને નિત્ય આનંદરૂપી અમૃતનું ભોજન કરે છે. રાગરૂપી ઝેરના ભારે જગતને ગાફેલ પાગલ કરી નાખ્યું છે. એવા બંધને દૂર કરીને—ઉડાડી દઈને જ્ઞાન ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ?–કે આનંદ-રૂપ અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. ભલે ચક્રવર્તિના રાજપાટમાં ઊભો હોય પણ એમાં એ સમ્યગ્દષ્ટિ ઊભો નથી. એ તો આત્મામાં ઊભો છે અને નિત્ય આનંદરૂપી અમૃતનું ભોજન કરે છે. બંધનો સ્વાંગ આવે છે તેને જ્ઞાન જાણી લ્યે છે. બંધને દૂર કરીને આનંદ–અમૃતનું નિત્ય ભોજન કરે છે. ક્યારેક ક્યારેક અમૃતનું ભોજન કરે છે એમ નહિ, પણ નિત્ય આનંદ-અમૃતનું ભોજન કરનાર છે. રાગને દૂર કર્યો છે ને સિદ્ધોની સાથે વાતો કરે છે.

પ્રશ્ન:- લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી આત્મા શુદ્ધ થઈ જાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધાત્માના આલંબનનો ખેદ શું કામ કરવો ?

ઉત્તર:- શુદ્ધાત્માના ભાન વિનાના વ્યવહાર પ્રતિક્રમણ આદિ છે તે દોષને ઘટાડવા-—ટાળવા સમર્થ નથી. કેમ કે આત્માનું આલંબન આવ્યું નથી તેને તો રાગમાં એકતાબુદ્ધિ પડી હોવાથી તેના શુભરાગના ક્રિયાકાંડ એકલા દોષરૂપ જ છે, એ દોષ મટાડવા સમર્થ નથી. અજ્ઞાનીના અપ્રતિક્રમણ આદિ તો પાપરૂપ વિષકુંભ જ છે અને શુભરાગરૂપ પ્રતિક્રમણ આદિ પણ આત્માનું આલંબન નથી તેથી તેને તો તે વિષકુંભ જ છે. જ્ઞાનીના પ્રતિક્રમણ આદિને આત્માનું આલંબન હોવાથી વ્યવહારનયે જ અમૃતકુંભ કહ્યાં છે જ્ઞાનીને સ્વરૂપમાં સ્થિર રહી શકાય નહિ ત્યારે અશુભથી બચવા શુભરાગ આવે છે. આચાર શાસ્ત્રોમાં જેટલા શુભક્રિયાકાંડની વાત આવે છે તેને વ્યવહારનયે જ અમૃતરૂપ કહેવાય છે પણ નિશ્ચયનયે તો ઝેરરૂપ જ છે—બંધરૂપ જ છે.

* નિશ્ચયદૃષ્ટિવાળા જ્ઞાનીના વ્યવહાર પ્રતિ-ક્રમણ આદિ પણ બંધનું કારણ છે તેમ કહીને વ્યવહારનું આલંબન છોડાવ્યું છે. જિનેન્દ્રનું સ્મરણ ભક્તિ, સ્વાધ્યાય, મંદિર કરવું, પ્રતિષ્ઠા કરવી, શાસ્ત્રો બનાવવા, વ્રત, તપ આદિના અનેક પ્રકારના શુભ-આલંબનમાં ચિત્તનું ભ્રમણ થયા કરતું હોવાથી તેનું આલંબન પણ છોડાવી શુદ્ધ સ્વરૂપના થાંભલે ચિત્તને બાંધ્યું છે–શુદ્ધ

સ્વરૂપનું આલંબન કરાવ્યું છે.

પ્રશ્ન:-શુદ્ધ સ્વરૂપનો આવડો મોટો થાંભલો દેખાતો કેમ નથી?

ઉત્તર:-નજર બહારમાં ને બહારમાં ભમે છે એને ક્યાંથી દેખાય? પુણ્યના ભાવમાં મોટપ દેખ્યા કરે છે પણ અંદર મહાન પ્રભુ મોટો પડયો છે એને દેખવાનો પ્રયત્ન કરે તો દેખાયને?

પ્રશ્ન:-ઇન્દ્રિયગમ્ય આત્મા હોત તો બહુ સરળ વાત?

ઉત્તર:-પણ ઇન્દ્રિય આત્મામાં છે જ નહિને! એનાથી ગમ્ય કેમ થાય? શરીર, ઇન્દ્રિય અને તેનો વિષય-ભગવાન, વાણી આદિને પણ ઇન્દ્રિય ગણી છે, એ ઇન્દ્રિયો આત્મામાં છે જ નહિ તેથી તેનાથી આત્મા ગમ્ય થાય નહિ. અતીન્દ્રિય જ્ઞાનથી જ આત્મા ગમ્ય થાય છે.

પ્રશ્ન-આત્માની રુચિવાળો જીવ મરીને દેવમાં જ જાય ને?

ઉત્તર-હા, આ તત્વની રુચિ છે, વાંચન-શ્રવણ છે, ભક્તિ પુજા આદિ છે એ બધા તો દેવ જ થાય. કોઈ સાધારણ હોય તો તે મનુષ્ય થાય.

પ્રશ્ન કેવા દેવ થાય?

ઉત્તર-એ તો તેની યોગ્યતા અનુસાર ભવનત્રિક કે વૈમાનિકમાં જાય અને અત્માનુભવી તો વૈમાનિકમા જ જાય.

* પર્યાય ક્રમબદ્ધ જ થાય એ બહુ ઝીણી વસ્તુ છે. દરેક દ્રવ્યના પરિણામ ક્રમબદ્ધ એટલે કે નંબરવાર થાય છે તેને ઇન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. જે દ્રવ્યના જે પરિણામ ક્રમસર-નંબરવાર આવવાનાં છે તે જ આવવાના, તેને કોઈ ફેરવી શકે નહિ. પણ એનો નિર્ણય વસ્તુ ત્રિકાળી દ્રવ્ય છે તેના ઉપર દૃષ્ટિ જાય ત્યારે થાય છે, ક્રમબદ્ધ-પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને નિર્ણય ન થાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય ત્યારે પર્યાયના અકર્તાપણાનો નિર્ણય થાય છે. જીવના જે પરિણામ ક્રમસર થાય છે તેનો કર્તા અજીવ નથી પણ જીવ જ છે અને અજીવના જે પરિણામ ક્રમસર થાય છે તેનો કર્તા જીવ નથી પણ અજીવ જ છે. અજીવના કાર્યનો કર્તા જીવ સિદ્ધ થતો નથી તેમ સમયસાર ગા-૩૦૮ થી ૩૧૧માં કહ્યું છે. કેમ કે જીવ કરતા અનંતગુણા અજીવ છે તેના અનેક પ્રકારનાં કાર્યો થતા દેખીને જીવ અભિમાન કરે છે કે મેં આ દેહ, મન, વાણી, વેપાર આદિના કાર્યો કર્યા, આ બધા કાર્યો મારાથી થાય છે-એમ ભ્રમથી માને છે તેથી તેનો ભ્રમ છોડાવવા સમજાવે છે કે અજીવના કાર્યો જીવથી થતાં નથી પણ અજીવથી જ થાય છે, જીવ તેનો અકર્તા છે.

પ્રશ્ન-જીવ અજીવના કાર્યો ન કરી શકે પણ પોતાના પરિણામ તો ગમે તેમ કરી શકે ને?

ઉત્તર-જીવ પોતાના પરિણામ પણ ગમે તેમ

ન કરી શકે પણ જે પરિણામ ક્રમસર જે થવાના છે તે જ થાય છે, આડા આવળા ગમે તેમ કરી શકે નહિ. જીવ તો એકલો જ્ઞાયકભાવ માત્ર છે, જાણનાર જાણનાર જ છે.

પ્રશ્નઃ–તિર્યંચને જ્ઞાન વિશેષ ન હોવા છતાં તેને આત્મા અનુભવમાં આવી જાય છે ને અમે ઘણી મહેનત કરીએ છીએ છતાં આત્મા અનુભવમાં કેમ આવતો નહિ હોય?

ઉત્તરઃ–ઈ જાતનું અંદરમાં જોર આવવું જોઈએ તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું એનું વજન આવવું જોઈએ તે આવતું નથી. જ્ઞાનમાં જેટલું માહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી. તેથી અનુભવ થતો નથી.

* યુવાન, રૂપાળા વરવધુ હોય, લક્ષ્મીનો પાર ન હોય, શરીર રૃષ્ટપુષ્ટ હોય, ભવિષ્યમાં પણ રોગાદિ થવાની સંભાવના ન હોય –એવા યુવાન વરવધુના પ્રથમ પ્રીતિકાળના ઉલ્લાસની શું વાત? જુઓ, છે તો એ ઝેરનો કાળ, પણ એને આનંદ એવો હોય કે બીજુ કાંઈ દેખાતું નથી! એમ સમ્યક્ત્વના યુવાનકાળમાં પ્રવેશ કરતાં સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ અંદર આત્માના આનંદની સુખડીના સ્વાદમાં પડ્યો છે તેને બહારના સંયોગ આદિનું લક્ષ રહેતું નથી અને પ્રમાદ છે કે નહિ એ પણ નથી દેખાતો. આહાહા! અંદરના આનંદના સ્વાદમાં એને બહારનું કાંઈ દેખાતું જ નથી.

* આબાલ-ગોપાલ સૌ ખરેખર જાણનાર ને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી.

પ્રશ્નઃ–શુદ્ધનયનો પક્ષ થયો છે એટલે શું?

ઉત્તરઃ–શુદ્ધનયનો પક્ષ એટલે એને શુદ્ધાત્માની રુચિ થઈ છે. અનુભવ હજુ થયો નથી પણ રુચિ એવી થઈ છે કે તે અનુભવ કરે જ, પણ એ કાંઈ ધારીને સંતોષ કરવાની વાત નથી. કેવળી એ જીવને એમ જાણે છે કે આ જીવની રુચિ એવી છે કે તે અનુભવ કરશે જ. એ જીવને એવું જ્ઞાયકનું જોર વીર્યમાં વર્તે છે.

પ્રશ્નઃ–આત્મા માત્ર જાણનાર જ છે તો આમાં કાંઈ કરવાનું જ નથી?

ઉત્તરઃ–અરે ભાઈ! આમાં તો પાર વિનાનું કરવાનું છે. દેહ આદિ પરદ્રવ્યો તરફ જે લક્ષ જાય છે તે લક્ષને જાણનાર એવા આત્માને જાણવામાં વાળવાનું છે. આત્માને જાણવામાં તો અનંત પુરુષાર્થ આવે છે.

* શ્રદ્ધાનમાં વિપરીતતા હોવાથી સમ્યક્ અટકે છે–થતું નથી અને પુરુષાર્થની નબળાઈથી ચારિત્ર અટકે છે–પ્રગટતું નથી, છતાં સમ્યક્ નહિ થવામાં શ્રદ્ધાનની

વિપરીતતાને બદલે પુરુષાર્થની નબળાઈ માનવી એ તો ડુંગર જેવડા મહાન દોષને રાય સમાન અલ્પ જાણે છે, તે ડુંગર જેવડા મહાન દોષને છેદી શકે નહિ.

* જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંત-કાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને એક છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે.

* સ્ત્રી-કુટુંબ-પરિવાર આદિ તો આત્માના દુશ્મન જે કર્મ છે તેણે ઉભા કરેલા કાવત્રા છે. એને પોતાના માનવા એ માન્યતા જ સંસારનું બીજ છે. પુણ્ય-પાપ અને તેના ફળ એ તો આત્માના વૈરી જે કર્મ તેણે ઉભા કરેલા કાવત્રા છે.

* ભાઈ! તું વિશ્વાસ લાવ! -કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભુત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે.

---

* ફાગણ વદ દસમના રોજ સુરેન્દ્રનગરમાં ચાર દિવસ માટે પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણી થતાં, ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સમ્યક્‌ત્વની ૪૮મી જયંતીના આ મહામંગલકારી પ્રસંગે ત્યાંના મુમુક્ષુ મંડળે ચાંદીના કાસ્કેટ યુક્ત એક ' અભિનંદન પત્ર પૂજ્ય બહેન શ્રી ચંપાબેનની અનુપસ્થિતિના કારણે, પૂજ્ય ગુરુદેવશ્રીને અર્પણ કર્યું હતું. તેમજ આ પાવન પ્રસંગની ખુશાલીના ઉપલક્ષમાં શાહ જગજીવનદાસ ચતુરભાઈના પરિવારે ચાર દિવસ સુધી ' બહેનશ્રીના વચનામૃત ' ની લ્હાણી કરી હતી. તથા પૂજ્ય ગુરુદેવશ્રીને હીરાથી વધાવ્યા હતા. એ રીતે અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ' સમ્યક્‌ત્વ-દિન ' ઉજવાયો હતો.

*

નવાં પ્રકાશન

૧. પરમાત્મ પ્રકાશ ગુજરાતી. ( નવી આવૃત્તિ ) કિંમત ૧૧-૨૫.

૨. અધ્યાત્મ પરાગ ગુજરાતી. કિંમત ૨-૫૦ ( પરમ પૂજ્ય ગુરુદેવશ્રી, પરમ પૂજ્ય બહેનશ્રી, શ્રીમદ્‌ રાજચંદ્રજી તથા પૂજ્ય સોગાનીજીનાં વચનામૃતોનો સંગ્રહ. )

૩. ક્રમબદ્ધ પર્યાય ગુજરાતી. હિન્દી લેખક : ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લ.

૪. પ્રવચન રત્નાકર ભા. ૧ ( પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ગાથા ૧ થી ૧૫ ઉપરના પ્રવચનો. )

મલાડ (મુંબઈ)ના પ્રાગણમાં ઉજવાયેલો

# મંગલકારી જન્મજયંતી-મહોત્સવ

* પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૯-૪-૮૦ના રોજ મલાડ પધારતાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત સ્થાનિક તેમ જ આગંતુક સમસ્ત મુમુક્ષુઓ આનંદવિભોર બની ગયા હતા. આદિનાથ-નગરમાં ભાવભીનાં સ્વાગત પ્રસંગે ૯૧ મી જન્મજયંતી સૂચક ૯૧ બહેનો દ્વારા લીલા રંગની સાડીમાં મસ્તક ઉપર શ્રીફળ તથા કેસરિયા વેષ્ટન યુક્ત સુશોભિત કળશ ધારણ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણીની વધાઈનું દશ્ય સુંદર લાગતું હતું. ત્યાર બાદ મલાડ મુમુક્ષુ મંડળના પ્રવચનકાર તત્ત્વજિજ્ઞાસુ ભાઈ શ્રી ચીમનલાલ ઠાકરશી મોદીએ સ્વાગત પ્રવચન દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ પધરામણીને ગદ્ગદ ભાવે વધાવી હતી.

* તા. ૧૧-૪-૮૦ ના રોજ સવારે પ્રવચન પહેલાં ધર્મરત્ન પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આદિનાથનગરમાં મંગલ પધરામણી થતાં મુમુક્ષુ સમાજે ઊર્મિભર્યું સ્વાગત કર્યું હતું.

* તા. ૧૩-૪-૮૦ ના રવિવારે સવારના પ્રવચન બાદ ઉપનગર દિ. જૈન મુમુક્ષુ મંડળ મલાડ) તથા મુંબઈના અન્ય ત્રણેય મુમુક્ષુમંડળ વતી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના માનવંતા પ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીએ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને અભિનંદન-પત્ર અર્પણ કરીને બહુમાન કર્યું હતું. આ અભિનંદન-પત્રનું વાંચન શ્રી લાલચંદભાઈ મોદીએ કરેલ હતું.

* અભિનંદન-પત્ર અર્પણની વિધિ પહેલાં હજારો જૈન-જૈનતર સમાજની ઉપસ્થિતિમાં હર્ષનાદ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને હીરાથી વધાવીને બહુમાન કરવમાં આવ્યું હતું. ઉપનગર મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા તથા શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી અને શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી તેમ જ તે બંનેના પરિવારે પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો લાભ લીધો હતો.

* તા. ૧૩-૪-૮૦ ના સવારે પ્રવચન બાદ શ્રી સમયસાર શાસ્ત્ર પરના પૂજ્યશ્રીના અઢારમી વખતના પ્રવચનોનું પુસ્તક 'પરમાગમ રત્નાકર' ભાગ-૧ ની પ્રકાશન-વિધિ થઈ હતી. તેમ જ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ હસ્તે ઝંડારોપણ દ્વારા અખિલ ભારતીય યુવા ફેડરેશનની મુંબઈ શાખાનું ઉદ્ઘાટન થયું હતું. બપોરે અખિલ ભારતીય યુવા ફેડરેશનના તૃતીય અધિવેશનનું ઉદ્ઘાટન શ્રી લાલચંદભાઈ મોદીએ દીપક પ્રગટાવીને કર્યું હતું.

# * વૈશાખ સુદ બીજ *

* વૈશાખ સુદ બીજના મંગલ સુપ્રભાતના સવા પાંચ વાગ્યે હજારો ભક્તજનોના જય-જયકારના મંગલ ગુંજારવ વચ્ચે પૂજ્ય ગુરુદેવશ્રી આદિનાથનગરમાં પધારતાં વાતાવરણ એકદમ ઉલ્લસિત બન્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીને બેસવા માટે બનાવેલી સમવસરણ જેવી વ્યાસપીઠ—વિશાળ ત્રણ પીઠિકા, લાલ કમળ, ભામંડળ છત્ર તેમ જ અશોકવૃક્ષ વગેરે-અસાધારણ ભવ્યતાથી દીપી ઊઠી હતી. થર્મોકોલના ૯૧ સુંદર દેવ-વિમાનની હારમાળા જન્મ જયંતીની શોભામાં વિશેષ અભિવૃદ્ધિ કરતી હતી. સમોસરણ તુલ્ય ભવ્ય વ્યાસપીઠ ઉપર બિરાજમાન આત્મ-ઉદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન કરતાં હજારો મુમુક્ષુઓ સાનંદ ધન્યતા અનુભવી રહ્યા હતા. ૫ા થી ૬ા દર્શનવિધિના આ આનંદકારી કાર્યક્રમ દરમિયાન પૂજ્ય બહેનશ્રીબેને ભાવભીની ભક્તિ કરાવી હતી. ઘાટકોપરની ભજન મંડળીની ભક્તિ તથા સ્તુતિ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીએ દર્શનાર્થી મુમુક્ષુગણને માંગળિક કહી મંગળ આશીર્વચન દ્વારા ફરમાવ્યું હતું કે "રાગ ને ભેદથી પણ રહિત શુદ્ધ બુદ્ધ, અખંડ, ઉદાસીન એવા આત્માનો આશ્રય કરવો તે જન્મ-મરણના નાશનો ઉપાય છે." એક કલાક શાન્તિપૂર્વક નવીન પદ્ધતિએ ચાલેલા મંગલ દર્શનવિધિના આ ભવ્ય કાર્યક્રમમાં હજારો મુમુક્ષુઓએ ઉમંગભેર અને ધીરજથી લાભ લીધો હતો.

* સવારે પ્રવચન બાદ શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા, શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી અને તેમના ભાઈઓ તથા શ્રી બાબુલાલજી જૈન તેમજ મહેન્દ્રકુમાર સુંદરજી વસ્થિયાએ પૂજ્ય ગુરુદેવશ્રીને હીરથી વધાવવાનો અલભ્ય લાભ લીધો હતો. તે ભવ્ય પ્રસંગ દેખીને મુમુક્ષુઓના હૈયા આનંદથી ઊભરી જતા હતા.

* સકલ જૈન સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે શ્રદ્ધાસુમન સમર્પિત કરવા પોતાનું વક્તવ્ય રજુ કરનારા વક્તાઓ મુખ્યતઃ આ પ્રમાણે હતા : શ્રી બાબુભાઈ ફતેપુરવાળા, ડૉ. હુકમચંદજી ભારિલ્લ, શ્રી માણેકચંદજી ચવરે, શ્રી હીરાલાલ ભીખાલાલ, શ્રી પ્રાણલાલભાઈ ગોડા, શ્રી કાંતિલાલ માથુકિયા, મહારાષ્ટ્ર રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન શ્રી હસમુખ ઉપાધ્યાય તથા શ્રી ચીમનભાઈ મોદી. આ સિવાય અગ્રગણ્ય મહાનુભાવો પણ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ પોતાની ભક્તિ વ્યક્ત કરવા આતુર હોવા છતાં સમયના અભાવે તેમ થઈ શકયું ન હતું.

* આ કલ્યાણકારી જન્મજયંતી મહોત્સવ ઊજવવા અનેક ગામોના મુમુક્ષુ મંડળની અનેક પ્રમુખ વ્યક્તિઓ ઉપરાંત જૈન સમાજની અનેક અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ઉપસ્થિત રહી હતી. આ આનંદદાયી પ્રસંગે ઉપસ્થિત નહીં રહી શકનાર સેંકડો ગામના

મુમુક્ષુઓએ તાર દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણમાં પોતાની શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરી હતી.

* મલાડ મુમુક્ષુ મંડળવતી મંડળના પ્રમુખ શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા તથા અન્ય ટ્રસ્ટીઓ તેમ જ મુખ્ય કાર્યકરોએ પૂજ્ય ગુરુદેવશ્રીને અભિનંદન-પત્ર અર્પણ કર્યું હતું. જેનું વાંચન શ્રી ચીમનભાઈ મોદીએ કર્યું હતું.

* આ પાવનકારી ૯૧મી જન્મજયંતી મહોત્સવના ઉદ્દેશથી ૯૧ના એકમની અનેક રકમો જાહેર કરીને મુમુક્ષુ સમુદાયે પોતાની ભક્તિની અભિવ્યક્તિ કરી હતી.

* શ્રી કુંદકુંદ કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટે જન્મજયંતી–મહોત્સવની ખુશાલીમાં આત્મધર્મ (ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ તથા તામિલ)ની આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/–ને બદલે રૂા. ૭૬/–જાહેર કરી હતી.

* તા. ૧૫/૪ તથા તા. ૧૬/૪ના રોજ શ્રી કાંતિભાઈ મોટાણી, શ્રી દલીચંદભાઈ ખારા અને શ્રી ચીમનભાઈ મોદી તરફથી અર્ધી કિંમતે પુસ્તકોનું વેચાણ રાખવામાં આવ્યું હતું.

* 'અધ્યાત્મ–પરાગ' તથા ગુજરાતી 'ક્રમબદ્ધ પર્યાય' પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યા હતા.

* ત્રણ પીઠિકા, લાલ કમળ, છત્ર, અશોકવૃક્ષ આદિ વિશેષતાઓથી સુશોભિત, સમોસરણ-ની રચના જેવી પૂજ્યશ્રીના પ્રવચનની સુંદર વ્યાસપીઠ અને પૂજ્યશ્રીના નિવાસસ્થાને રચેલું ૪૭ શક્તિઓનું વિશાળ વૃક્ષ, ૯૧ના આંકથી અંકિત મખમલનાં રમણીય સૂર્યમુખી ફૂલ તેમ જ આદિનાથનગરમાં લગાડવામાં આવેલ પૂજ્ય બહેનશ્રીના ફોટા સહિતના પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતનાં સુવાકયોનાં સુશોભિત આલેખનો જનસમુદાયને આકર્ષિત કરતા હતા.

* દરરોજ બન્ને સમયના પ્રવચન પહેલા શ્રી કુંદકુંદ કહાન દિ. જૈન ભજનમંડળી (ઘાટકોપર) એ પોતાની આગવી શૈલી દ્વારા ભજનભક્તિના વિશેષ કાર્યક્રમોથી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે પોતાની ભક્તિ કરીને તથા વિવિધ નાટકો રજૂ કરીને જન્મજયંતીની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

* એ રીતે અનેકવિધ ઉત્સાહભર્યા કાર્યક્રમો દ્વારા પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની ૯૧મી જન્મજયંતી મલાડ (મુંબઈ) ના પ્રાંગણે ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળના અતિ ઉલ્લાસથી ૧૦–૧૨ હજાર ભક્તોની ઉપસ્થિતિમાં અભૂતપૂર્વ ઉજવાઈ હતી.

સમાચાર :—

પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૧૭–૪–૮૦ના રોજ મલાડ (મુંબઈ)થી સોનગઢ પધાર્યા છે. તેઓશ્રી અત્રે સુખશાંતિમાં બિરાજી રહ્યાં છે. સ્વાસ્થ્યમાં નબળાઈ હોવાના કારણે સંપૂર્ણ આરામ લઈ રહ્યાં હોવાથી હાલ પ્રવચનો બંધ રાખવામાં આવેલ છે. (ટેપ રેકોર્ડિંગ પ્રવચનો નિયમિત ચાલે છે.)

## મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,
## પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે.

શિષ્ય પૂછે છે કે પ્રભુ! અજ્ઞાની શીલ અને તપથી પરિપૂર્ણ છે, ત્રણ ગુપ્તિ ને પાંચ સમિતિમાં સાવધાનીપણું છે છતાં આપ તેને ચારિત્ર રહિત કહો છો, કેમ કે ચારિત્રનું મૂળ એવા સમ્યગ્દર્શન ને જ્ઞાનથી તે રહિત છે; પણ પ્રભુ તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે ને! છતાં આપે તેને અજ્ઞાની કેમ કહ્યો? અગિયાર અંગનું જ્ઞાન હોય છતાં અજ્ઞાની! —એમ જે શિષ્યને જિજ્ઞાસા થઈ છે તેનો ઉત્તર કહે છે:-

પ્રથમ તો મોક્ષ અર્થાત્ પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિને જ અભવ્ય જીવ શ્રદ્ધતો નથી, એ તો દયા-દાન આદિના ભાવને જ શ્રદ્ધે છે. મોક્ષ છે તે પૂર્ણ જ્ઞાન-સ્વરૂપ છે તેની અભવ્યને શ્રદ્ધા નથી. કેમ શ્રદ્ધા નથી? -કે જ્ઞાનસ્વરૂપી ભગવાનની જ તેને શ્રદ્ધા નથી. શાસ્ત્રજ્ઞાન નહીં પણ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપી પ્રભુનું જે જ્ઞાન એ જ્ઞાનને અભવ્ય શ્રદ્ધતો નથી, પછી ભલે તેને અગિયાર અંગનું જ્ઞાન હોય.

ભગવાન આત્મા તો જ્ઞાનમૂર્તિ જ્ઞાયકસ્વભાવી છે, તેને અભવી જીવ શ્રદ્ધતો નથી તેથી તે મોક્ષને જ શ્રદ્ધતો નથી. આત્મા તો શુદ્ધજ્ઞાનમય છે. શાસ્ત્રનું ભણવું એ નહીં પણ જેમ ગળપણમય સાકર છે તેમ શુદ્ધજ્ઞાનમય આત્મા છે તેના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે અભવી જીવ મોક્ષને જ શ્રદ્ધતો નથી.

પ્રથમ નય-નિક્ષેપ-પ્રમાણથી આત્માને જાણે એટલે કે વિકલ્પથી આ આત્મા છે એવી ભૂમિકામાં આવ્યો પણ એ પણ વાસ્તવિક જ્ઞાન નથી. જેને શુદ્ધ જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન નથી એટલે કે શાસ્ત્રનું જ્ઞાન કે રાગનું જ્ઞાન કે પર્યાયનું જ્ઞાન કે ગુણગુણીના ભેદનું જ્ઞાન નથી એમ નહીં પણ શુદ્ધજ્ઞાનમય આત્માનું જ્ઞાન ન હોવાથી અભવી જીવ આત્માને શ્રદ્ધતો નથી. શુદ્ધજ્ઞાન તે ગુણ, આત્મા તે દ્રવ્ય ને તેનું જ્ઞાન તે પર્યાય એમ ત્રણે વાત લઈ લીધી. અભવ્યજીવ શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાથી આત્માને શ્રદ્ધતો નથી તેથી મોક્ષને શ્રદ્ધતો નથી. એવા અભવ્ય જીવને અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં એ જ્ઞાન કાંઈ કાર્યકારી નથી. કેમ કે શાસ્ત્ર ભણવા છતાં એ શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે તે જ્ઞાની નથી.

[ અનુસંધાન પાનું ૧૭ ઉપર ]

## ✽ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ✽

૧૦૭૨ શ્રી ચંદ્રકાંત રતીલાલ શાહ જલગાંવ
૧૦૭૩ ,, વિનયચંદ્ર છગનલાલ અજમેરા મુંબઈ
૧૦૭૪ ,, સુનીતાબેન નેમચંદ શાહ સાવરકુંડલા
૧૦૭૫ ,, હરેશકુમાર જીવરાજભાઈ મુંબઈ
૧૦૭૬ ,, ચંદુલાલ વીકમશી સંઘવી રાજકોટ
૧૦૭૭ ,, દલીચંદભાઈ ત્રીભોવનદાસ અમરાવતી
૧૦૭૮ ,, વિનોદચંદ્ર રતીલાલ દોશી ભાવનગર
૧૦૭૯ ,, મગનલાલ પોપટલાલ સાવરકુંડલા
૧૦૮૦ ,, રૂપચંદજી જૈન મદ્રાસ
૧૦૮૧ ,, બાબુભાઈ એચ. મહેતા અમદાવાદ
૧૦૮૨ ,, પ્રેમજી માલશી શાહ હૈદ્રાબાદ
૧૦૮૩ ,, હિતેષ કાંતીલાલ મહેતા મુંબઈ
૧૦૮૪ ,, જે. એમ. શાહ યુ. કે.
૧૦૮૫ ,, દયારામ લાયબ્રેરી જામનગર
૧૦૮૬ ,, વસંતલાલ જેઠાલાલ શાહ મુંબઈ
૧૦૮૭ ,, લીલાધર પ્રેમચંદ શાહ નાઈરોબી
૧૦૮૮ ,, કસ્તુરબેન વેલજીભાઈ ,,
૧૦૮૯ ,, રમાબેન વેલજીભાઈ લંડન (યુ.કે.)
૧૦૯૦ બ્ર માલતીબેન હીંમતલાલ શાહ સોનગઢ
૧૦૯૧ શ્રી રસીકલાલ ચુનીલાલ શેઠ મુંબઈ
૧૦૯૨ ,, મગનલાલ પોપટલાલ ભાયંદર
૧૦૯૩ ,, મહેન્દ્રભાઈ ગુલાબચંદભાઈ પુના
૧૦૯૪ ,, કુંદન વસ્ત્ર ભંડાર સાગર
૧૦૯૫ ,, દેવજીભાઈ શાહ લંડન
૧૦૯૬ ,, તેજસ રજનીકાંત શાહ સુરત
૧૦૯૭ ,, વિસનજી ભાઈચંદ ગાંધી ઇન્દોર
૧૦૯૮ શ્રીમતી કલુબેન કલકત્તા
૧૦૯૯ શ્રી નવીનચંદ વી. શાહ મુંબઈ
૧૧૦૦ ,, કુસુમબેન ફતેચંદ શાહ ,,
૧૧૦૧ ,, બાબુલાલ ગીરધરલાલ મહેતા અમદાવાદ
૧૧૦૨ ,, દોલતરામ બાવીશી બેંગલોર
૧૧૦૩ ,, મનસુખલાલ દલીચંદભાઈ સુરત
૧૧૦૪ ,, હેમંતલાલ વર્દ્ધમાન શેઠ વાંકાનેર
૧૧૦૫ ,, વિનોદરાય પાનાચંદ મહેતા મુંબઈ
૧૧૦૬ ,, શાંતિલાલ આર. શાહ નાઈરોબી
૧૧૦૭ ,, સુભાષચંદ્ર હીરાલાલ અમદાવાદ
૧૧૦૮ ,, કાંતીલાલ પોપટલાલ કોટડીયા જિંજવા
૧૧૦૯ ,, દક્ષાબેન જિનયચંદ્ર કાપડીયા મુંબઈ
૧૧૧૦ ,, દલીચંદ લીલાધર વોરા અમદાવાદ
૧૧૧૧ ,, અનંતરાય લવચંદ ઘેલાણી મુંબઈ
૧૧૧૨ ,, પ્રેમચંદ ગુલાબચંદ ઝોબાલીયા ,,
૧૧૧૩ ,, ભાઈચંદ પોપટલાલ ભાયાણી અમદાવાદ
૧૧૧૪ ,, નવીનચંદ્ર માણેકલાલ શાહ મુંબઈ
૧૧૧૫ ,, દીનેશચંદ્ર માણેકલાલ શાહ ,,
૧૧૧૬ ,, જયંતીલાલ નથુભાઈ મહેતા અમદાવાદ
૧૧૧૭ ,, તારાચંદ માણેકલાલ શાહ તલોદ સ્ટેશન
૧૧૧૮ ,, નેમચંદ મફતલાલની કુ‍ાં ,,
૧૧૧૯ ,, બાલુમતી ડી શાહ મુંબઈ
૧૧૨૦ ,, ચંદુલાલ ડી. ગાંધી વડોદરા
૧૧૨૧ ,, મંગલમ્ વાસણ ભંડાર અમદાવાદ
૧૧૮૨ ,, નવનીતલાલ ચીમનલાલ શાહ દહેગામ

આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/= [ક્રમશઃ]

તંત્રી : ડૉ. ચંદુભાઈ ટી. કામદાર પ્રત : ૩૬૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦]